।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# સંઘ

સફળ સંચાલન

પ્રિયમ્

अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
કારતક, વિ. ૨૦૭૭

# ☼ ગુરુ ભગવંતોના કરકમળમાં ☼

અગ્રણીઓ લગભગ વ્યાખ્યાનમાં ન આવતા હોય,
પણ જો ખાસ તેમના માટે જ વાચના રખાય તો તેઓ પ્રાયઃ આવે.
બીજી કોઈ વ્યક્તિ નહીં ફક્ત અગ્રણીઓ.
અઠવાડિયા જેવું આયોજન.
રોજ પોણો કે એક કલાક.

**હૃદયસ્પર્શી પ્રેરણા... પૂર્ણ સહૃદય સંવાદ**
**શૂન્ય આગ્રહ... શૂન્ય આવેશ... એકાન્ત માધુર્ય...**
**એમના આત્મહિતની અને સંઘહિતની લાગણીભરી વાત.**

જો દરેક ગુરુ ભગવંતો જ્યાં જાય ત્યાં આવો પ્રયાસ કરે,
તો ખરેખર બહુ જ સારું પરિણામ આવી શકે,
આ પુસ્તક ખાસ અગ્રણીઓ માટે છે.
સંઘનું સફળ સંચાલન એ જ આનો વિષય છે.
અગ્રણીઓને ગુરુમુખે આ માર્ગદર્શન મળશે
તો તેમના આત્માને અને સકલ શ્રીસંઘને ખૂબ ખૂબ લાભ થશે.
**એક ખાસ વિનંતિ,**
**ઉપદેશ આપવો એ આપણો વિષય છે**
**અપેક્ષા રાખવી, આગ્રહ કરવો વગેરે આપણો વિષય નથી.**

ખૂબ પ્રેમાળ શબ્દોમાં માર્ગ સમજાવવો
ને પછી એ કેટલું ચાલે / ન ચાલે એ એમના પર છોડી દેવું,
ઉપદેશને ખટરાગનું કે મનદુઃખનું નિમિત્ત બિલકુલ ન બનવા દેવું,
એમાં જિનવાણીની અને આપણી શોભા છે.

**બ્રુવતોऽનુગ્રહબુદ્ધ્યા વક્તુસ્ત્વેકાન્તતો હિતમ્ ।**
**આપણે તો આપણી 'કરુણા'થી જ**
**સફળતા મેળવી ચૂક્યા છીએ.**

✺

# ❊ *Pure & Possible* ❊

**'સંઘ.'**
અનંત તીર્થંકરોને ય વંદનીય એવું અસ્તિત્વ.
**'સંઘ'**
નંદીસૂત્ર જેવા પવિત્ર આગમોએ
જેના ચારસો મોંએ ગુણ ગાયા એવી અસ્મિતા.
**'સંઘ'**
દેવો અને દેવેન્દ્રોને પણ દુર્લભ એવું વ્યક્તિત્વ.
**'સંઘ'**
શબ્દ પડે ને સાડા ત્રણ કરોડ રુંવાડા
વિકસ્વર થઈ જાય એવી પરમ વિભૂતિ.
અનંત પુણ્યના ઉદયે એ સંઘનું સભ્યપદ મળ્યું,
અનંતાનંત પુણ્યના ઉદયે
એ સંઘના સંચાલનમાં કંઈક સહભાગિત્વ મળ્યું.
**સંઘનું અગ્રણીત્વ**
**જો સમ્યક્ નિભાવવામાં આવે**
**તો આત્મા ન્યાલ થઈ જાય છે.**
**તીર્થંકરની સર્વોત્કૃષ્ટ ઋદ્ધિ સ્વાધીન કરી દે**
**એવું આ પાવન પદ છે.**
અહીં પ્રસ્તુત છે આ પદને સાર્થક કરવા માટે
શુદ્ધ અને શક્ય ઉપાય-દર્શન.
**એક એક પેજનો એક એક ઉપાય**
**સંઘના અભ્યુદયનો પણ ઉપાય બની રહેશે**
**અને તમારા પોતાના માટે**
**સર્વાંગીણ સુખ-શાંતિ-સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનો પણ**
**ઉપાય બની રહેશે,**
**ખરેખર.**

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જીવંત પરિસર | ૫ |
| ૨ | નિઃસ્પૃહતા | ૬ |
| ૩ | શ્રેષ્ઠ ભક્તિ | ૭ |
| ૪ | શિખર | ૮ |
| ૫ | સ્ટાફ | ૯ |
| ૬ | પગાર | ૧૦ |
| ૭ | લાગણી | ૧૧ |
| ૮ | લાભાર્થી | ૧૨ |
| ૯ | દેખરેખ | ૧૩ |
| ૧૦ | દબાણ/અપમાન | ૧૪ |
| ૧૧ | ઉપાશ્રય | ૧૫ |
| ૧૨ | પારિષ્ઠાપનિકા | ૧૬ |
| ૧૩ | જ્ઞાનભંડાર | ૧૭ |
| ૧૪ | શ્રુતમંદિર | ૧૮ |
| ૧૫ | પાઠશાળા | ૧૯ |
| ૧૬ | મિશન સંસ્કાર | ૨૦ |
| ૧૭ | સ્પેશિયલ કોર્સ | ૨૧ |
| ૧૮ | દીકરી કોર્સ | ૨૨ |
| ૧૯ | કોર્સ આયોજન | ૨૩ |
| ૨૦ | કોર્સ સિસ્ટમ | ૨૪ |
| ૨૧ | કોર્સ ખર્ચ | ૨૫ |
| ૨૨ | સ્પિકિંગ કોર્સ | ૨૬ |
| ૨૩ | બાળ કોર્સ | ૨૭ |
| ૨૪ | વર્કશોપ | ૨૮ |
| ૨૫ | એકઝામ્સ | ૨૯ |
| ૨૬ | બુક્સ | ૩૦ |
| ૨૭ | નાણ/રથ | ૩૧ |
| ૨૮ | નકરો | ૩૨ |
| ૨૯ | લવાજમ | ૩૩ |
| ૩૦ | આગંતુક | ૩૪ |
| ૩૧ | કાળજી | ૩૫ |
| ૩૨ | સુરક્ષા | ૩૬ |
| ૩૩ | ટેરેસ | ૩૭ |
| ૩૪ | લ્હાણી | ૩૮ |
| ૩૫ | વાટકી વ્યવહાર | ૩૯ |
| ૩૬ | માઈક | ૪૦ |
| ૩૭ | પાર્કિંગ | ૪૧ |
| ૩૮ | મંડળો | ૪૨ |
| ૩૯ | બેનર્સ | ૪૩ |
| ૪૦ | પોસ્ટર્સ | ૪૪ |
| ૪૧ | કદર | ૪૫ |
| ૪૨ | આયંબિલખાતું | ૪૬ |
| ૪૩ | કાયમી આયંબિલ ખાતું | ૪૭ |
| ૪૪ | આયંબિલખાતું-ઈતિહાસ | ૪૮ |
| ૪૫ | આયંબિલ-સગવડ | ૪૯ |
| ૪૬ | આયંબિલ-ઓપ્શન્સ | ૫૦ |
| ૪૭ | આયંબિલ-ભવન | ૫૧ |
| ૪૮ | પર્યુષણ | ૫૨ |
| ૪૯ | ફંડ-સોલ્યુશન | ૫૩ |
| ૫૦ | ઝગડા-સોલ્યુશન | ૫૪ |
| ૫૧ | પાર્ટિશન | ૫૫ |
| ૫૨ | ખાસ વાંચશો | ૫૬ |
| ૫૩ | શ્રીસંઘ-માસિક | ૫૭ |
| ૫૪ | Q & A | ૫૮ |
| ૫૫ | છેલ્લી વાત | ૬૦ |

# ⁕ જીવંત પરિસર ⁕

જિનશાસનની વર્તમાન વ્યવસ્થામાં આપણે દેરાસર, ઉપાશ્રય, આયંબિલ ખાતું, આ બધાનું ઓછું વત્તુ આંગણું - વગેરે ભવ્ય પરિસર ધરાવતા હોઈએ છીએ, પણ આ બધું જ તદ્દન મૌન હોય છે.

થવું એવું જોઈએ કે પરિસરની નજીક આવતાની સાથે હૃદયના ભાવો ઉછળવા લાગે અને પરિસરમાં આગળ વધીએ એટલે આપણા શુભ ભાવો આસમાનને આંબે. જેમની પાસે પ્રમાણ ને ગુણવત્તા બંને દૃષ્ટિએ સાવ અલ્પ સાહિત્ય છે, એવો ધર્મ પણ જો એના સ્થાનની બહાર ઉપદેશ વાક્યો લખી શકે તો જિનવાણીની લ્હાણી કરવામાં અને હૃદયના શુભ ભાવોને ઉચકવામાં કેમ પાછા પડવું જોઈએ ?

**આપણા સમગ્ર પરિસરને જીવંત બનાવી દેવાનું કાર્ય સાવ નજીવા ખર્ચમાં - તદ્દન મફતના ભાવમાં થઈ શકે છે. તે માટે તૈયાર સુવાક્યોની બુક્સ છે -**

**(૧) જ્ઞાનસ્વામિવાત્સલ્ય**

**(૨) જિનાલય**

**(૩) ઉપાશ્રય સુભાષિતો (આર્ટિકલ)**

**(૪) God મહાવીર In my eye (ગુ.)**

**(૫) Jainism in my eye (ગુ.અં.)**

**(૬) જૈનીઝમ (ગુ.હિં.)**

(Example - મુંબઈ પાસે - લોઢા ધામ-ઉપાશ્રય, તપોવન)

આટલું કર્યા પછી ટ્રસ્ટીઓ છત્રી જરૂર રાખે, કારણ કે તેમના પર અભિનંદનનો વરસાદ વરસશે.

⁕

# ☼ નિઃસ્પૃહતા ☼

આ વર્ષે નિર્દોષ ગોચરી માટે અન્ય ધર્મના છાત્રાલયમાં જવાનું થયું. સંપૂર્ણ પરિસરમાં ૫-૬ જગ્યાએ મોટા અક્ષરોમાં બેનરો લગાવ્યા હતા. શરૂઆતના શેડના ભાગમાં, મંદિર પરિસરમાં, બોર્ડિંગ કંપાઉંડમાં વગેરે... દરેક બેનરમાં લખ્યું હતું - **"ક્ષમાયાચના - કોઈ પણ પ્રકારે દાન-ભેટ પધરાવશો નહીં."**

આ જોઈને હું (૧) પ્રભાવિત થયો (૨) વિસ્મિત થયો, અને (૩) શરમાઈ ગયો. શરમનું કારણ - આપણી પરિસ્થિતિ. હજી તો કોઈએ પગ મુક્યો હોય ને 'આપો' 'આપો' થતું હોય, પેલાને એવું લાગે કે ધર્મ 'માંગણ' છે. ધર્મ 'લોભી' છે, ધર્મ એને 'ખંખેરી' રહ્યો છે. માણસ ખરેખર જરૂરિયાતમાં હોય તો ય એ પોતાના ઘર વગેરેમાં આવી જાહેરાતો લગાવતો નથી, કારણ કે એને ખબર છે કે આવું કરવાથી આબરુ ખલાસ થઈ જાય, પછી કંઈક મળતું હોય તો ય ન મળે.

**લાખ ગુમાવી શાખ રાખજે, શાખે મળશે લાખ,**
**લાખ ખર્ચતા ય શાખ નહીં મળે, શાખ ગયે સૌ ખાખ.**

સંઘોએ કે વિવિધ મંડળોએ આ વાત ગંભીરતાથી વિચારવી જોઈએ, માંગવાથી સામેની વ્યક્તિનો આપવાનો ભાવ હોય એ ય ઓછો થઈ જાય છે. સંઘની આવક બીજી રીતે થઈ શકતી હોય છે, મોટા ભાગે બીજી રીતે જ આવક થાય છે, તે માટેના કાયમી કે અન્ય બોર્ડ-બેનર્સ મુકવાનું ટાળવું જોઈએ અને પ્રભુ અને પ્રભુના શાસન પ્રત્યે અહોભાવવૃદ્ધિ થાય તેવા જ લખાણો રાખવા જોઈએ. **જિનાલયનો શબ્દશઃ અર્થ છે ભગવાનનું ઘર. એ ઘરની આબરુ આપણે જાળવવી જોઈએ.**

☼

# ⁕ શ્રેષ્ઠ ભક્તિ ⁕

ભગવાન એ રાજાધિરાજ છે, દેવાધિદેવ છે, ભગવાનની એક પણ વસ્તુ બીજા નંબરની ન હોવી જોઈએ. દુનિયાભરમાં તે વસ્તુ જ્યાં શ્રેષ્ઠ મળતી હોય, ત્યાંથી લાવવી જોઈએ, શ્રેષ્ઠ ધૂપિયું, શ્રેષ્ઠ દીવી, શ્રેષ્ઠ ધૂપ, શ્રેષ્ઠ ઘી, શ્રેષ્ઠ દૂધ, શ્રેષ્ઠ સુખડ-કેશર, શ્રેષ્ઠ અંગલૂંછણા, શ્રેષ્ઠ ભંડાર, શ્રેષ્ઠ ઘંટ, શ્રેષ્ઠ પાટલા, શ્રેષ્ઠ થાળી-વાટકી.

**જેમ ભગવાનની માટે આપણે જેવું-તેવું દેરાસર નથી બનાવતા, તેમ ભગવાનની ભક્તિના દ્રવ્યો પણ જેવા-તેવા ન ચલાવવા જોઈએ. જેમ ભગવાનની ભક્તિના દ્રવ્યમાંથી કોઈ ઘરે પૈસા લઈ જાય એ ગેરવહીવટ છે, બરાબર એ જ રીતે એ દ્રવ્યને ભગવાનની ભક્તિ માટે યોગ્ય રીતે ન વાપરવું એ પણ ગેરવહીવટ છે.**

સંઘ તરફથી પણ રોજ કમળ વગેરે શ્રેષ્ઠ ફૂલોની ભક્તિ થાય, આખું વાતાવરણ મઘમઘાયમાન હોય, પર્વના દિવસોમાં શરણાઈ-નગારા વાગે, મહાપૂજાઓ થાય, ભક્તિની રમઝટ થાય... એમાં કશું જ વધારે પડતું નથી. આ તો ત્રણ લોકના નાથનો દરબાર છે, એમાં હલકું-ઓછું ચલાવવું, જેવા તેવામાં સંતોષ માની લેવો એ ભગવાનની બહુ મોટી આશાતના છે. કારણ કે એમાં ભગવાનની સ્પષ્ટપણે અવગણના છે.

જિનાલયમાં જે પણ પગ મુકે એના ભાવો આસમાનને આંબે, એ પ્રભુ પ્રત્યે ઓવારી જાય એવો માહોલ થવો જોઈએ. જે સંઘમાં આવી ભક્તિ થાય છે, તે સંઘની ઋદ્ધિ-વૃદ્ધિ-સમૃદ્ધિ થાય છે.

⁕

# ✻ શિખર ✻

જિનાલયના નીચેના પરિસરમાં તો સફાઈ રહેતી હોય છે, પણ ઉપરના ભાગમાં મહિનાઓ સુધી કે વર્ષો સુધી સફાઈ ન થાય એવું પણ બનતું હોય છે, મેઘરાજા સફાઈ કરી દે એ વાત જુદી.

તો આવા ધૂળ ખાતા શિખરો, ગુંબજો ને ઉપરના પરિસરો હોય, એ ભગવાનની કાયમી આશાતના છે, અઠવાડિયે એક વાર તો આ બધા ભાગોમાં સામાન્ય સાફ-સૂફ થવી જોઈએ અને મહિને કે બે મહિને એકદમ વ્યવસ્થિત સાફ-સૂફ થવી જોઈએ.

કેટલીક વાર જિનાલયને અડીને જ ઉપાશ્રયનું મકાન આવેલું હોય છે, તેમાં ઉપરથી જે ધૂળના થરો, કબૂતર વગેરે એ કરેલી ગંદકી, ગમે તેમ બનાવી દીધેલા માંચડા કે જે-તે જેમ-તેમ પડેલી વસ્તુઓ દેખાતી હોય છે, તે દૃશ્ય ખરેખર આઘાતજનક હોય છે. આ બધું ભગવાનના માથે હોય છે, આવી પરિસ્થિતિ બિલકુલ ચલાવી લેવી ન જોઈએ.

**કાળો પડેલો કળશ, મેલો દાટ કળશ, ફાટેલી-તૂટેલી ધજા - આ બધું જ સંઘના સૌભાગ્યની હાનિ કરે છે. ધજાને કથળતી દશામાં પણ બાર મહિના ચલાવવી જ પડે એવો કોઈ નિયમ નથી, હા, દેવાધિદેવનું ગૌરવ સચવાવું જોઈએ, એવો નિયમ જરૂર છે. તેના માટે યોગ્ય સમયે નવી ધજા ચડાવવી જોઈએ. હા, જો ધજા સારી સ્થિતિમાં જ રહેતી હોય તો વચ્ચે બદલવાની જરૂર નથી. શિખરની સુંદર ભક્તિ સંઘના દરેક સભ્યને સુખ-શાંતિના શિખરે લઈ જાય છે.**

✻

## ❊ સ્ટાફ ❊

પૂજારી વગેરે સ્ટાફની દરેક સંઘમાં લગભગ કંઈ ને કંઈ ફરિયાદ હોય છે. સ્ટાફ ખોટો હોય છે, તેથી મોટું સત્ય એ હોય છે કે આપણી ફરિયાદ ખોટી હોય છે. આપણી ફરિયાદ સાચી હોય, તો ય ખોટી હોય છે, કારણ કે આપણે ખોટી મેથડ પકડી હોય છે, તે હોય છે - 'શ્રદ્ધાહીન માણસ પાસે શ્રદ્ધાસાધ્ય કાર્ય કરાવવું.' જે શક્ય જ નથી.

**જેનામાં શ્રદ્ધા નથી એ કેવો પક્ષાલ કરશે ? કઈ રીતે અંગલૂંછણા કરશે ? એ કેમ આડેધડ વાળાકુંચી નહીં ફેરવે ? એ કેમ લાગ મળે એટલે નાની-મોટી ચોરી નહીં કરે ? એ કેવું પાણી ઉકાળશે ? એ સફાઈ વગેરેમાં કેટલી જયણા સાચવશે ? એ ગુરુ ભગવંતો પ્રત્યે કેટલો આદર જાળવશે ? એ આયંબિલ ખાતાની રસોઈમાં કેટલી જીવદયા પાળશે ? એ વ્યસનોથી ધર્મસ્થાનને કેમ નહીં અભડાવે ?**

એ બિચારાની ભૂલ છે જ નહીં, ભૂલ આપણી છે. આપણે એની પાસે આપણા ધર્મના જ્ઞાન અને આચરણની અપેક્ષા રાખવી જોઈએ એની પહેલા એને એ રીતે કેળવવો જોઈએ, એને શ્રાવક/શ્રાવિકા બનાવવા જોઈએ, પછી જ નોકરી આપવી જોઈએ અથવા નોકરી આપીને આ રીતે સૌ પ્રથમ કેળવવા જોઈએ. રોજ ગુરુ ભગવંતને વિનંતી કરી - જેન્ટ્સ-સ્ટાફનું સાધુ ભગવંત પાસે, લેડીઝનું સાધ્વીજી પાસે - ૧૦-૧૫ મિનિટ પણ પ્રવચન રખાવવું જોઈએ. તો જ તેઓ બરાબર કામ કરી શકશે. આ રીતે કેટલાંક કરે પણ છે અને ખૂબ સફળતા મેળવે છે.

જુઓ **બુક** - સ્વપ્ન જિનશાસન, **ચેપ્ટર** - મેન પાવર.

❋

## ⁕ પગાર ⁕

ઓછા પગારો રાખવા એ નોકરને શેઠ અને ચોર બનાવવાનો ઉપાય છે. પછી એ સહજ રીતે કામચોરી કરે, ચોરી કરે, દેરાસર વગેરેના કામો સીદાય, ધર્મદ્રવ્યનું ભક્ષણ થાય, આરાધકોના મન ખાટા થાય... આ બધો દોષ વ્યવસ્થાપકોના માથે પણ લાગે છે.

આપણી ઓફિસના સ્ટાફના પગાર ધોરણો જુદા હોય અને સંઘના સ્ટાફના પગાર ધોરણો જુદા હોય, એનો અર્થ એ જ છે કે આપણને ઓફિસ મારી લાગે છે, સંઘ મારો લાગતો નથી. મહાત્મા કહે છે, ‘૫૦ હજારથી વધુ કમાવા ન દોડવું.’ તો આપણે તરત કહેશું કે ‘આટલામાં ઘર ન ચાલે.’ આપણું ન ચાલે તો ‘શું માણસનું ઘર ચાલે ?’ ચાલો, પૂજારી જેવાને આખા દિવસની નોકરી ન હોય, તો ય શું બજારના વર્તમાન ધોરણો મુજબનો એના કલાકોનો યોગ્ય પગાર એને ન આપવો જોઈએ ?

**મોટે ભાગે પગારની બાબતમાં ટૂંકા હાથનું કારણ દ્રવ્યવ્યવસ્થાનું અજ્ઞાન હોય છે. ખબર ન હોવાથી જેમાંથી – જે ખાતામાંથી જે ઉપયોગ થઈ શકતો હોય, તે ન કરે, પરિણામે બીજા ખાતા પર ભાર આવે, પરિણામે હાથ ને મન ટૂંકા થાય, પરિણામે સ્ટાફના મન ખાટા થાય, પરિણામે સંઘના કાર્યો સીદાય. આવું ન થાય એ માટે ગીતાર્થ ગુરુ ભગવંત પાસે શાસ્ત્રીય માર્ગદર્શન લઈને યોગ્ય રીતે વહીવટ કરવો જોઈએ.**

આજે શ્રાવકો વધુ વ્યસ્ત બન્યા છે, ત્યારે સમયના અભાવે સીદાતા અનેક કાર્યો સ્ટાફ પાસે કરાવી શકાય, પણ તે માટે ઉપરોક્ત પરિવર્તન જરૂરી છે.

⁕

# ☼ લાગણી ☼

આપણા સંઘના સ્ટાફને આપણા ભગવાન માટે, આપણા દેરાસર - ઉપાશ્રય વગેરે માટે, આપણા વ્યવસ્થાપકો માટે અને સંઘના સભ્યો માટે લાગણી હોય ખરી ? એ દરેક કામ ઉમળકાથી કરે ? કરવા ખાતર કરે ? કે વેઠ ઉતારે ? કે કરે - ન કરે ?

**એને લાગણી ન હોય એનો અર્થ એ છે કે એને લાગણી મળી નથી. એને પૂરો પગાર ન મળે, જરૂર વખતે સહાય ન મળે, એને મીઠો વ્યવહાર ન મળે, હૂંફ ન મળે, એ સ્પષ્ટ જુએ કે આ લોકોને મારી તકલીફની - મારા દર્દની કશી પડી નથી, પછી એને લાગણી શી રીતે જાગશે ?**

તોછડાઈભર્યો વ્યવહાર કરનારા વ્યવસ્થાપકો અને કાર્યકરો હકીકતમાં સંઘના કામો બગાડતા હોય છે. સ્ટાફ સાથે બરછટ વ્યવહાર કરવો એ હકીકતમાં ભગવાન સાથે અને સંઘ સાથે બરછટ વ્યવહાર કરતા હોઈએ છીએ.

પ્રતિમાજી બનાવનાર કારીગરના સંદર્ભમાં પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

अप्रीतिरपि च तस्मिन् भगवति परमार्थनीतितो ज्ञेया ।
सर्वानर्थनिमित्त - मेषा पापा न कर्तव्या ।।

**તેના પ્રત્યેની અપ્રીતિ એ હકીકતમાં ભગવાન પ્રત્યેની અપ્રીતિ છે, આ પાપ છે. બધા જ અનર્થોનું કારણ છે, આવું ન કરવું જોઈએ.**

સમસ્ત મહાજન સંસ્થાએ ૪૦ જણનો સ્ટાફ રાખ્યો છે. સારો પગાર વગેરે દ્વારા એમને લાગણી મળી છે, તો તેમના બળે સંસ્થા સારી સફળતાઓ મેળવે છે. લોકડાઉનમાં પગાર ન કાપ્યો, કામ કશું હતું નહીં, રોજ ૪-૫ સામાયિક કરી રિપોર્ટ આપવા કહ્યું, પગાર પૂરો આપ્યો. સારા કાર્યો કરનારી સંસ્થાને આવકની કમી રહેતી જ નથી, લાગણી મળે એટલે સ્ટાફ સમર્પણ દાખવશે જ.

# ☼ લાભાર્થી ☼

દેરાસરમાં ક્યારેક એવું બને છે - ભગવાન કયા છે એ ખબર ન પડે, ભગવાનનું નામ ન લખ્યું હોય, પણ જે પ્રતિષ્ઠા કરનાર હોય એમનું જ નામ સારી રીતે લખેલું હોય, એટલે કોઈ નવી વ્યક્તિ આવે તો પહેલી ને છેલ્લી કલ્પના એ થાય કે તે પ્રતિષ્ઠા કરનારની આ મૂર્તિ છે. આ પણ ભગવાનની આશાતના છે.

**ભગવાનની પ્રતિષ્ઠા કરનારનું નામ ન આવવું જોઈએ - એવી વાત નથી, પણ એમના નામ કરતા વધુ મોટા અક્ષરે ભગવાનનું નામ હોવું જોઈએ. આ એક ઉપલક્ષણ છે. હકીકતમાં દેરાસરમાં લાભાર્થીના કોઈ પણ નામો એવા ઔચિત્યપૂર્વક જ લેવા જોઈએ કે જેનાથી ભગવાનનું ગૌરવ ઓછું ન થાય. જો આવો વિવેક ન રાખવામાં આવે તો જાણે કેટકેટલા દાતાઓએ ભેગા થઈને ભગવાન પર ઉપકાર કરી દીધો હોય, એવું વાતાવરણ સર્જાય, ભગવાનની ભક્તિ માટે ખડું કરેલ જિનાલય ભગવાન પર દયા કરવાનું સ્થાન હોય, એવો માહોલ બને.**

નાનામાં નાનો માણસ પણ પોતાને સહાય કરનારના નામની તકતી જાહેરમાં - ઘરના બહારના ભગામાં કે અંદરના ભાગમાં લગાવતો નથી. દાતા એવો આગ્રહ પણ રાખતા નથી, આ વાત લાભાર્થીને પ્રેમથી સમજાવવી જોઈએ, અને બધે ગુપ્ત દાન શક્ય ન હોવાથી નામો મુકવા જ પડે, તો ભગવાનની ગરિમા જળવાય એ રીતે જ મુકવા જોઈએ. દાતાનું ઔચિત્ય હોય ને ભગવાનની બોલબાલા હોય, આટલો વિવેક સૌએ શીખવો જોઈએ. દાતાને ભગવાન ન બનાવી દેવા જોઈએ.

☼

# ❊ દેખરેખ ❊

વ્યવસ્થાપકે એક શ્રાવક તરીકે પૂજા વગેરે કરી લીધા પછી આખા દેરાસરમાં એક ચક્કર લગાવવું જોઈએ, બધું જોવું જોઈએ - ક્યાંય ગંદકી તો નથી ને ? કોઈ વસ્તુ આડી-અવળી તો નથી પડી ને ? કોઈ વસ્તુ તૂટેલી તો નથી ને ? આવું કંઈ પણ હોય તો તેનું પાપ સંઘની દરેક વ્યક્તિને લાગે, વ્યવસ્થાપકને વિશેષથી પાપ લાગે, જો તે ઉપેક્ષા કરે તો, એમને આવી કાંઈ ખબર જ ન હોય, તો ય પાપ લાગે કારણ કે તે પણ ઉપેક્ષા જ છે.

**આ જ વસ્તુ ઉપાશ્રયની બાબતમાં પણ સમજવી જોઈએ, તૂટેલી બારીઓ, ફૂટેલા કાચો, તૂટેલી ખુરશીઓ, નકામો ભંગાર, લોહી કાઢે એવી ખિલ્લીઓ-વાળી પાટો, ફાંસ લાગી જાય એવા ટેબલો, વાગી જાય એવા સળિયાઓ, અધુંરા ને અટપટા દાદરાઓ, યા બંધ રાખવા પડે ને યા પછડાયા કરે એવા બારી-બારણાઓ - આ બધા જ સંઘના અભ્યુદયના વિઘ્નો છે.**

સંઘના દરેક ધર્મસ્થાનમાં બધે જ નિયમિત નજર કરીને વ્યવસ્થાપકે આવું કાંઈ પણ હોય તેનું શીઘ્ર ઉચિત કરવું જોઈએ. આપણી ઘરની બારીનો કાચ તૂટે તો તરત જ નવો કાચ લાગી જાય ને ઉપાશ્રય વગેરેની બારીનો કાચ તૂટે તો વર્ષો સુધી એવો ને એવો તૂટેલો-ફૂટેલો રહે, આપણને ખબર સુદ્ધા ન હોય, ખબર પડે તો ય ઠીક - શું ફરક પડે છે આવી વૃત્તિ હોય - એ ધર્મસ્થાનની અવગણના અને અપમાન છે. તીવ્ર પાપનું કારણ છે.

ધર્મસ્થાનની દરેક વસ્તુ સ્વચ્છ, વ્યવસ્થિત અને અખંડ હોવી જોઈએ આવો આગ્રહ એ ધર્મનું બહુમાન છે, જ્યાં ધર્મનું બહુમાન છે ત્યાં ઉન્નતિ છે.

❊

## ☼ દબાણ / અપમાન ☼

ઘર-દુકાન-ફેકટરી વગેરે પાસે દબાણ આવે તો જેટલી સજાગતાથી આપણે એનો પ્રતિકાર કરીએ, એના કરતા ૧૦૦ ગણી સજાગતાથી ધર્મસ્થાન પર આવેલા દબાણનો પ્રતિકાર કરવો જોઈએ. જો એની ઉપેક્ષા કરીએ તો આ ભવમાં/ પરભવમાં આપણા અંગત જીવનમાં ઘણા નુકશાનો વેઠવા પડે છે.

ધર્મસ્થાનની આજુબાજુ ઘરો હોય, કચરો બધાનો થાય. ઘર પાસે કોઈને કચરો પોસાય નહીં, ધર્મસ્થાન જાણે બોડી-બામણીનું ખેતર હોય એમ બધા ત્યાં કચરો નાંખી જાય. આવી પરિસ્થિતિ હરગીઝ ચલાવી ન લેવાય. આ ધર્મસ્થાનની આશાતના છે, ઘોર અપમાન છે, અગ્રણી જો આંખ આડા કાન કરે તો એ મોટા દોષના ભાગી બને.

ધર્મસ્થાન પાસે જ્યાં લોકો કચરો નાંખી જતા હોય, તે જગ્યાએ ધર્મચક્ર ઉદ્યાન કે મૂળનાયક ભગવાનના નામથી ઉદ્યાન કરી શકાય. જેમાં સરસ ફૂલો આવે, ભગવાનની સરસ પુષ્પપૂજા થાય, ભગવાનું અભિષેક જળ પણ તેમાં વિસર્જિત કરી શકાય. તેનાથી કુદરતી રીતે સિંચન થતું રહે.

**તેવી જગ્યાને સ્વચ્છ-સુશોભિત-પલ્લવિત કરી ત્યાં સુવાક્યો મુકી શકાય. પ્રભુના ફોટા મુકી શકાય. જેથી આવતી-જતી વ્યક્તિને પ્રભુના દર્શન થાય, પ્રભુનો ઉપદેશ મળે, ત્યાં કચરો નાંખતા કોઈનો જીવ જ ન ચાલે. જો આવું કશું જ ન કરાય, ને ધર્મસ્થાનનું અપમાન કરવા દેવાય તો એનાથી આપણા ને બીજાના અધ્યવસાયો નિષ્ઠુર બનવાના અને આપણે પાપના ભાગી બનવાના.**

☼

# ※ ઉપાશ્રય ※

ઉપાશ્રયમાં ગૃહસ્થયોગ્ય જેટલી સગવડો હશે, એટલો જ એ ઉપાશ્રય સંયમપાલન માટે અગવડભર્યો બનશે. તમે એક જ પ્રશ્ન પૂછો - ઉપાશ્રય શેના માટે છે ? સંયમપાલન માટે ને ? તો પછી એ દૃષ્ટિએ એનું સ્વરૂપ નક્કી કરો, ચિક્કાર વીજ જોડાણો, બાથરૂમ-વોશરૂમો, ધર્મશાળા, ગૃહસ્થ માટેની રૂમ્સ, ભોજનશાળા, આયંબિલખાતું, પાઠશાળા, પૂજારી વગેરે સ્ટાફના રૂમ્સ - આ બધું એક જ મકાનમાં બનાવી દેવાથી સંયમપાલન દુષ્કર બને છે. આગમસૂત્ર - દશવૈકાલિક સ્પષ્ટ કહે છે - **इत्थीपसुविवज्जियं** - જે મકાનમાં સ્ત્રી કે પશુ હોય, ત્યાં સાધુથી રહેવાય નહીં. બૃહત્કલ્પ વગેરે આગમો તો ત્યાં સુધી કહે છે કે જે મકાનમાં સજાતીય પણ - માણસ વગેરે રહેતા હોય, ત્યાં સાધુથી રહેવાય નહીં.

**આપણે ઉપાશ્રયની બાબતમાં સંયમપાલનની ધરાર ઉપેક્ષા કરીએ ને જ્યારે કાંઈ ગરબડ થાય ત્યારે સાધુની નિંદા કરીએ - આ કેટલું બધું અજુગતું છે ! આની બદલે આપણે નવો ઉપાશ્રય બનાવતી વખતે જ સંયમી ગુરુ ભગવંતનું યોગ્ય માર્ગદર્શન ન લેવું જોઈએ ? 'ઉપાશ્રય' શું છે - એ જ સમજ્યા વગર ઉપાશ્રય બનાવી દઈએ, એટલે અગડમ બગડમ થવાનું જ ને ?**

ઉપાશ્રય પહેલાથી જ હોય, તો ય સંયમી ગુરુ ભગવંતને પૂછવું જોઈએ, કે આમાં સંયમપાલનની દૃષ્ટિએ કોઈ ક્ષતિ તો નથી ને ? સંયમક્ષતિજનક ઉપાશ્રય ચલાવે રાખવો એ ગુરુ ભગવંતના સંયમપંથે કાંટા નાંખવા બરાબર છે. ઉપાશ્રય અંગે અન્ય પણ માર્ગદર્શન માટે આ બુક વાંચી શકાય - **ઉપાશ્રય.**

✻

# ☼ પારિષ્ઠાપનિકા ☼

જે ઉપાશ્રયમાં પારિષ્ઠાપનિકાના યોગ્ય વિકલ્પો નથી હોતા, તે ઉપાશ્રયમાં રહેતા આરાધકો જે – તે વિકલ્પો અપનાવે છે. પરિણામે શાસનની અપભ્રાજના થાય છે, ફરિયાદો આવે એટલે જવાબદારી તો વ્યવસ્થાપકોની જ થતી હોય છે, અમુક જગ્યાએ વ્યવસ્થાપકોએ કોર્ટ સુધી લાંબા થવું પડ્યું છે.

**હું તમને એક પ્રશ્ન કરું – તમે કદી એવા ઘરમાં રહેવા જાઓ ખરા ? કે જ્યાં ટોઈલેટ ન હોય ? અથવા તો એવું ટોઈલેટ હોય, જે વાપરવું તમારા માટે શક્ય જ ન હોય ? કોઈ તમને એવા ઘરમાં રહેવા – રોકાવા આગ્રહ કરે, તો શું એ તમને મશ્કરી ન લાગે ?**

આજે આપણે ગુરુ ભગવંતોની દશા આવી કરી દીધી છે. પરિણામે એમને વાટકો લઈને હાડમારી વેઠીને ક્યાં ને ક્યાં જવું પડે, હડધૂત થવું પડે, લોકોને ય ફરિયાદો કરવી પડે, શાસનની ય હીલના થાય.

યોગ્ય વિકલ્પો આપવા નહીં ને બાથરૂમ વાપરવા કહી દેવું કે બાથરૂમ વાપરવું હોય તો જ રહેવું – આવું કહી દેવું – એ 'સંયમ'ને તમાચો મારવા બરાબર છે. સંયમીને એનાથી આઘાત લાગે, ઉત્તરોત્તર એમનું સંયમ કથળતું જાય એનો દોષ પણ વ્યવસ્થાપકોને લાગે. રોડ પર કે અગાશીમાં એવી રીતે કુંડીઓ બની હોય, કે જે લોકોની નજરમાં પડે, એવું પણ હરગીઝ ન ચાલે.

આવી બાબતોમાં શું કરવું એની સમજ માટે વાંચો – **પારિષ્ઠાપનિકા અને પારિષ્ઠાપનિકા સોલ્યુશન,** તથા પેમ્ફલેટ – **વંદે શાસનમ્, પંચમ સમિતિ સમીક્ષા** તથા **વાડો/ખાડો.**

☼

## ✳ જ્ઞાનભંડાર ✳

શ્રીસંઘના ગૌરવનું એક બહુ મહત્ત્વનું પાસું એ છે કે એમાં જ્ઞાનભંડાર કેટલો મોટો છે ? કેટલો વ્યવસ્થિત છે ? કેટલો દર્શનીય છે ? અને કેટલો એક્ટીવ છે ?

સંયમજીવનનો શ્વાસ એ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયનું સાધન જ્ઞાનભંડાર છે. ૫ કરોડના ઉપાશ્રયમાં ૫ લાખના કબાટો લાવવાનો ઉલ્લાસ ન જાગે, તો સમજવું કે આપણે ઉપાશ્રયને કે સંયમને સમજ્યા જ નથી. જ્યારે આપણે ત્યાં રહેલા મહાત્માને બહારથી પ્રત-પુસ્તક મંગાવવા પડે, ત્યારે આપણને ખરેખર શરમ આવવી જોઈએ. હા, તદ્દન દુર્લભ પુસ્તક-પ્રત હોય ને એ મંગાવવું પડે, એ વાત જુદી છે. પણ પ્રચલિત પુસ્તક-પ્રત પણ આપણે ત્યાં ન હોય, એનો અર્થ આપણને એનું મૂલ્ય જ સમજાયું નથી.

**જ્ઞાનભંડારનું સંપૂર્ણ નિર્માણ જ્ઞાનખાતામાંથી થઈ શકે છે, જ્ઞાનખાતે લવાજમ દઈને શ્રાવકો પણ તેના સભ્ય બની શકે, અને તેનો ઉપયોગ કરી શકે, ક્વચિત્ પુસ્તક વાંચવા માટે લઈ જઈને, માલિકી કર્યા વિના પાછા આપી શકે. અજૈન નિયામકને જ્ઞાનખાતામાંથી પગાર આપી શકાય છે, જૈન પ્રકાશકો લાખો રૂપિયાના મૂલ્યના પુસ્તકો જ્ઞાનભંડાર માટે નિઃશુલ્ક આપતા હોય છે. સાવ નાની જગ્યા હોય તો પણ સારો જ્ઞાનભંડાર બની શકે છે.**

આ અંગેના માર્ગદર્શન માટે આ પુસ્તક વાંચી શકાય - **જ્ઞાનભંડાર.**

✳

# ※ શ્રુતમંદિર ※

જિનાલયની અંદર જ – રંગમંડપ/ભોયરું/આંગણામાં/પ્રદક્ષિણાપથમાં એક ભવ્ય શ્રુતમંદિર હોવું જોઈએ. જેમાં અદ્‌ભુત પ્રસ્તુતિ સાથે કાયમી ધોરણે આપણા ૪૫ આગમો અને પૂ.હરિભદ્રસૂરિ મહારાજા જેવા પૂર્વાચાર્યોના ગ્રંથો રાખ્યા હોય. દરેક આગમ સાથે સ્પષ્ટ અક્ષરોમાં તેનું નામ હોય અને તેનું એકાદ વાક્ય સરળ અનુવાદ સાથે લખેલું હોય.

**જિનેશ્વર ભગવંત અને જિનવાણી આ બંનેનું તુલ્ય મહત્ત્વ છે, એક અપેક્ષાએ જિનવાણીનું મહત્ત્વ જિનેશ્વર ભગવંત કરતા પણ વધુ છે. આપણને જેટલું જિનેશ્વર ભગવંતનું મહત્ત્વ સમજાયું છે, એટલું જિનવાણીનું મહત્ત્વ સમજાયું નથી, પરિણામે સંઘ જિનવાણીથી દૂર રહે છે, જ્ઞાનથી વંચિત રહે છે, પરિણામે સેંકડો સમસ્યાઓ એને ઘેરી વળે છે.**

આ સ્થિતિમાં શ્રુતમંદિર એને જિનવાણીની નજીક લાવવામાં સારી ભૂમિકા ભજવી શકશે. આગમ વગેરેની સાથે શ્રુતમંદિરમાં જૈન ઈતિહાસ, જૈન ભૂગોળ, જૈન વિજ્ઞાન, જૈન ગણિત, જૈન જીવનશૈલી – વગેરે નામો સાથે તે તે વિષયના ગુરુ ભગવંતો દ્વારા લિખિત સરળ પુસ્તકો પણ મુકી શકાય. જેમના રોજ રોજ દર્શન કરીને જિનાલયે આવનાર વ્યક્તિ તે જ્ઞાન પામવા ઉત્કંઠિત થશે અને પ્રવચન, પાઠશાળા, તત્ત્વજ્ઞાનસત્ર, પુસ્તકવાંચન વગેરેમાં જોડાશે.

શ્રુતમંદિરનું સંપૂર્ણ નિમાર્ણ સંઘના જ્ઞાનખાતાથી થઈ શકે છે, આ વિષે માર્ગદર્શન માટે વાંચી શકાય – પુસ્તક : **સ્વપ્ન જિનશાસન**, ચેપ્ટર – **શ્રુતમંદિર.**

✵

# ※ પાઠશાળા ※

આપણા બાપ-દાદાના સમયે જેવી દુકાન હતી, જેવો એનો દેખાવ - પદ્ધતિ વગેરે હતું, આપણે એવી દુકાન આજે નથી ચલાવતા, કારણ કે આપણે સમજીએ છીએ કે એવી દુકાન હવે ચાલે જ નહીં, પિટાઈ જાય, હાસ્યાસ્પદ થાય, હવે એવી દુકાન કરવાનો કોઈ મતલબ જ નહીં, એવું આપણે સારી રીતે સમજીએ છીએ. આપણે જુના લુક કે પદ્ધતિનો કોઈ જ આગ્રહ નથી રાખતા, બલ્કે ઘરાકી જામવી જોઈએ આ જ આગ્રહ રાખીએ છીએ.

તો આ જ આગ્રહ પાઠશાળા માટે કેમ નહીં ? દરેક સંઘાગ્રણીએ ૭ સંકલ્પ કરવા જોઈએ -

(૧) પાઠશાળા 7 Star જ હોવી જોઈએ.

(૨) પાઠશાળામાં શ્રેષ્ઠ પદ્ધતિથી જૈન એજ્યુકેશન અપાવું જોઈએ.

(૩) યુનિફોર્મ, ફી, એક્ઝામ, એન્યુઅલ પ્રોગ્રામ વગેરે દ્વારા પાઠશાળાની વેલ્યુ અને સ્ટેટસ ઊભું કરવું જોઈએ.

(૪) **જુદી જુદી ઉંમરની વ્યક્તિઓ અને તત્ત્વજ્ઞાનના જુદા જુદા વિષયોના વર્ગો માટે સવારથી રાત સુધીના જુદા જુદા વર્ગો હોય, જેમાં રસપ્રદ રીતે તત્ત્વજ્ઞાન પીરસાતું હોય.**

(૫) સંઘના દરેક ઘરના દરેક સભ્યો પાઠશાળામાં આવે એવો આપણો પ્રયાસ હોય.

(૬) **પાઠશાળા દ્વારા આપવામાં આવતા તત્ત્વજ્ઞાન-અભ્યાસ અને ગુણાત્મક યોગ્યતાના સર્ટિફિકેટનું નોકરી-ધંધા-લગ્ન વગેરે બાબતોમાં સામાજિક મૂલ્ય પ્રતિષ્ઠિત થાય.**

(૭) સૌથી વધુ ધ્યાન પાઠશાળાના વિકાસ માટે અપાતું હોય.

વધુ માર્ગદર્શન માટે જુઓ - પુસ્તક : **પાઠશાળા સંચાલન,** પુસ્તક : **સ્વપ્ન જિનશાસન** - ચેપ્ટર - **પાઠશાળા.**

# ⁕ મિશન સંસ્કાર ⁕

બાળકો એ સંઘનું ભવિષ્ય છે. સ્કૂલ, ટ્યુશન, મોબાઈલ, સ્વિમિંગ, કરાટે, સ્કેટિંગ, જિમ, મ્યુઝિક કલાસ, ડાન્સ કલાસ - વગેરે વગેરે એને ખેંચી રહ્યા હોય, ત્યારે આપણે માત્ર એને ખેંચાતો જોયા કરીએ એવું શી રીતે ચાલે ?

**સંઘ વધુ કશું જ ન કરે, તો ય, એટલિસ્ટ સંઘના ૩ થી ૧૮ વર્ષના દરેકને એક સંસ્કાર કાર્ડ આપે. જેમાં સંસ્કારના વિવિધ મુદ્દાઓની સામે ✓/x કરવાનું હોય, જેમ કે મા-બાપને પગે લાગવું, પૂજા, સામાયિક, નવી ગાથા, ઉકાળેલું પાણી, સુપાત્રદાન, પાઠશાળા, પ્રતિક્રમણ, ગુરુવંદન વગેરે વગેરે... આ દરેકના ખાસ પોઈન્ટ્સ હોય. બધા પોઈન્ટ્સનું ટોટલ કરીને બાર મહિને તેના ઈનામો અપાય, આ રીતે બાળક આખું વર્ષ ધાર્મિક પ્રવૃત્તિમાં એક્ટીવ રહે અને બાળપણથી તેનામાં સારા સંસ્કારો પડી જાય.**

સંઘને વધુ આર્થિક અનુકૂળતા હોય તો ૬/૪/૨/૧ મહિને પણ ઈનામો આપી શકાય. છેવટે ૧૨ મહિને તો કોઈ પણ સંઘ ઈનામો આપી શકે, પાઠશાળામાં ગાથા દીઠ-હાજરી દીઠ વગેરે જે ઈનામ અપાતા હોય, તેમાં પણ ઈનામની બદલે પોઈન્ટ્સ આપીને છેવટે આ બધા પોઈન્ટ્સનો સરવાળો કરીને એક સાથે સારું મોટું ઈનામ આપવાથી બાળકનો ઉલ્લાસ પણ વધે અને સંઘને જુદી જુદી વ્યવસ્થાઓ પણ ન કરવી પડે. આ પદ્ધતિથી વર્ષ દરમિયાન ઘણી બધી બાળસંસ્કરણ પ્રવૃત્તિઓ ફક્ત પોઈન્ટ્સ આપીને કરી શકાય છે. ઈનામ તો જે છેલ્લે ફંડ અનુસાર આપવાનું હોય તે જ આપી શકાય.

આમાં વધુ માર્ગદર્શન માટે એક બુક છે : **મિશન સંસ્કાર.**

⁕

# ✻ સ્પેશિયલ કોર્સ ✻

સંઘની આરાધના શારીરિક, માનસિક, પારિવારિક, સામાજિક અને આર્થિક સ્વસ્થતાના પાયા પર ઊભી રહી શકતી હોય છે. આ અંગે આપણા શાસ્ત્રોમાં ઘણું બધું કહ્યું છે. નવકાર ગણવાથી માંડીને કઈ રીતે ધંધો કરવો અને ક્યાં લગ્ન કરવા વગેરે શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં બતાવ્યું છે.

**આવા ગ્રંથો કે એમના આધારે તૈયાર થયેલા ગીતાર્થ ગુરુ ભગવંતોના પુસ્તકો પર સ્પેશિયલ કોર્સની હારમાળાઓ સંઘમાં સતત ચાલતી હોવી જોઈએ. સંઘના અગ્રણી સમસ્ત સંઘના માટે જવાબદાર કહેવાય. સંઘની નાની-મોટી દરેક વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ થાય એવો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવો એ અગ્રણીની ફરજ છે. આવી ફરજ માનસિક સ્તરે અનુભવાય અને સર્વશક્તિથી તેના માટે પુરુષાર્થ કરાય એ અગ્રણીત્વની સાર્થકતા છે. એના વિના અગ્રણીપણું નામનું રહે છે અને તાત્ત્વિક દૃષ્ટિએ ગૌરવહાનિ કરનારું બની રહે છે.**

તમારા ચાર દીકરા હોય, એ આમ ગૌરવની વાત કહેવાતી હોય, પણ કોઈ ભણ્યા-ગણ્યા ન હોય, કાંઈ કમાતા ન હોય, બોલવા-ચાલવાના ઠેકાણા ન હોય તો એ તમારા માટે નામોશી થાય, ગૌરવ નહીં. બરાબર એ જ રીતે સંઘનો એક પણ સભ્ય ધર્મની બાબતમાં, સંસ્કારની બાબતમાં, સભ્યતાની બાબતમાં કે વ્યવહારકુશળતાની બાબતમાં પછાત હોય તો એ અગ્રણી માટે નામોશીની વાત છે. હા, અગ્રણી પૂરા દિલથી પ્રયાસો કરે ને છતાં કોઈ કર્મજોગે પછાત રહે તો અગ્રણીને દોષ ન લાગે, સ્પેશિયલ કોર્સની હારમાળા એ આ માટે ખૂબ અસરકારક પ્રયાસ છે.

✻

# ❊ દીકરી કોર્સ ❊

સંઘનું ખૂબ ખૂબ મહત્ત્વનું અંગ છે દીકરી. ધાર્મિક અને સંસ્કારી દીકરી બંને કુળને અજવાળે છે. ધાર્મિક અને સંસ્કારી દીકરી એક આખા પરિવારને ધાર્મિક અને સંસ્કારી બનાવી શકે છે. ને જો દીકરીમાં જ સદ્‌ગુણો ન હોય તો આ બધાનો દાટ વળી જાય છે.

**સંઘની એક દીકરી મુસ્લિમ સાથે ભાગી જાય કે વિધર્મમાં પરણે તો અગ્રણીએ ધ્રુસકે ધ્રુસકે રડવા સાથે ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ, અગ્રણીને વજ્રાઘાત લાગવો જોઈએ. અગ્રણીને હાડોહાડ લાગી આવવું જોઈએ કે જે દીકરી મારા સંઘમાં ૨૦-૨૫ વર્ષ રહી એને હું એટલા સંસ્કાર ન અપાવી શક્યો એનું આ પરિણામ છે. આવા સમાચાર મળે તે દિવસે અગ્રણી કંઈ ખાઈ જ ન શકે, રાતે એમને ઉજાગરો જ થાય, સવારે રડી રડીને એમની આંખો સૂઝી ગઈ હોય, એવા અગ્રણી ખરા અર્થમાં અગ્રણી કહેવાય.**

પોતાની દીકરી માટે બધાને ફીલિંગ્સ થાય, સંઘની દીકરી માટે કોને થાય ? જો અગ્રણીને પણ સંઘની દીકરી માટે ફીલિંગ્સ ન થાય તો અગ્રણી ને વગર અગ્રણીમાં ફરક જ શું રહેશે.

દીકરાઓ માટે તપોવન, વિવિધ ગુરુ ભગવંતોની ઉનાળુ શિબિરો વગેરે ઘણા આયોજનો હોય છે. દીકરીઓ માટે આ બધું લગભગ શક્ય બનતું નથી. મા-બાપ ખુદ પણ એ માટે ઓછો રસ લેતા હોય ત્યારે સંઘ લેવલે જ ખાસ કોર્સો દ્વારા અગ્રણીએ સંઘની દીકરીઓને બચાવી લેવી ખૂબ જરૂરી બની જાય છે, કારણ કે અગ્રણીની જવાબદારી ખૂબ વધી જાય છે.

❊

## ✻ કોર્સ આયોજન ✻

યોગ્ય સાધ્વીજી ભગવંત કે યોગ્ય શિક્ષિકા બહેનો દ્વારા સંઘમાં બારે માસ દીકરીઓના કોર્સની હારમાળા ચાલવી જોઈએ, જેમ કે –

10 days Jain Biology Course – જીવવિચાર આધારિત
10 days Jain Philosophy Course – નવતત્ત્વ આધારિત
16 days Jain Peace Course – શાંતસુધારસ આધારિત
10 days Jain Karmology Course – પ્રથમ કર્મગ્રંથ આધારિત
30 days Jain Life Course – શ્રાદ્ધવિધિ આધારિત
12 days Jain Spiritual Course – વૈરાગ્યશતક આધારિત
12 days Jain Satisfaction Course – ઈન્દ્રિયપરાજયશતક આધારિત
30 days Jain History Course – ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર આધારિત
60 days Jain Cosmology Course – જૈન કોસ્મોલોજી આધારિત
10 days Jain Temple Science – 'ચાલો જિનાલયે જઈએ' આધારિત
10 days Jain Food Science – 'રિસર્ચ ઓફ ડાયનિંગ ટેબલ' આધારિત
30 days Jain Liberation Science – 'ઉચ્ચ પ્રકાશના પંથે' (પંચસૂત્ર) આધારિત
20 days Jain Virtues Course – 'શ્રાદ્ધગુણવિવરણ' આધારિત
30 days Jain Knowledge Course – ઉપદેશમાલા આધારિત
30 days Daughter Life Course – 'લવ યુ ડોટર' પુસ્તક આધારિત

જેમાં ગોખાવવાનું નથી, ઈન્ટ્રેસ્ટ પડે તે રીતે સમજાવવાનું છે એવો લગભગ એક જ વર્ષનો આ દીકરી કોર્સ છે. જેના દ્વારા સંઘની દરેક દીકરીને જિનશાસનની શુદ્ધ શ્રાવિકા બનાવી શકાય છે. વિચિત્ર વેશ, સ્માર્ટ ફોન, લવ જેહાદ, વેસ્ટર્ન/કોન્વેન્ટ/મોડર્ન કલ્ચર, લગ્ન પહેલા/પછીના લફરા, જોબ, પિત્તળ સ્વભાવ, ગૃહક્લેશ-કંકાસ, છૂટાછેડા, પુનર્લગ્ન, સામાજિક-આર્થિક-પારિવારિક પાયમાલી વગેરે બધી જ બદીઓથી દીકરીને આ કોર્સ દ્વારા બચાવી શકાય છે. આવું આયોજન કરવું એ અગ્રણીનું પરમ કર્તવ્ય બની રહે છે. આ રીતે સાધુ ભગવંતો પાસે સંઘના દીકરાઓના કોર્સનું પણ આયોજન થવું જોઈએ.

# ❊ કોર્સ સિસ્ટમ ❊

હવે કોઈને ધાર્મિક ભણવું નથી - આવવું જ નથી, ૧૦-૧૨ વર્ષની ઉંમર પછી પાઠશાળા જવાનું ય બંધ થઈ જાય છે, કોણ આવશે - આવા બધા મરેલા વિચારો છોડો. સારું આયોજન, સારી રસપ્રદ પદ્ધતિથી સંસ્કરણ અને સારું બહુમાન - આ ત્રિપદીને પકડો - એડમિશન ફી લઈને + દરેક કોર્સની જુદી ફી લઈને, યુનિફોર્મ વગેરેના નિયમ રાખીને પણ દીકરીઓને ભણાવી શકાશે.

**(૧) સારું આયોજન :** વ્યવસ્થિત જાહેરાત, વ્યવસ્થિત જગ્યા, વ્યવસ્થિત રજૂઆત, અઢળક બેનિફિટ્સની સમજૂતી વગેરે દ્વારા સારું આયોજન થવું જોઈએ. જેનાથી મારે મારી ગરજથી કોર્સ કરવાનો છે, ને મારે કોર્સ કરવો જ જોઈએ - એવું લાગે અને કોર્સનું એક સ્ટેટસ ઊભું થાય.

**(૨) સારું સંસ્કરણ :** ભણાવનાર શ્રેષ્ઠ જોઈએ, રસ પડે એ રીતે, લાગણીપૂર્વક, જિજ્ઞાસા સંતોષાય એ રીતે ભણાવતા હોવા જોઈએ. સંખ્યા વધતી જ જાય ને દરેકને દોડીને આવવાનું મન થાય એવા ભણાવનાર હોવા જોઈએ.

**(૩) સારું બહુમાન :** પહેલા નંબર વાળાને નેકલેસ, બીજાને ચેઈન, ત્રીજાને બ્રેસલેટ, ચોથાને વીંટી, પાંચમાને બુટ્ટી વગેરે વગેરે સોનાના દાગીનાઓના ઈનામો હોય અથવા ગોલ્ડ મેડલ્સના ઈનામો હોય બીજા પણ આકર્ષક ઈનામો હોય, 90% up આવે એમને ફી રિટર્ન મળે. 70% up લાવનારને Good Girl સર્ટિફિકેટ મળે. એનું લગ્ન માટે કન્યા પસંદ કરવામાં પણ ખૂબ જ મહત્ત્વ પ્રતિષ્ઠિત કરવામાં આવે.

આટલું થાય તો કોર્સ ધમધોકાર ચાલશે. આ રીતે દીકરાઓ પ્રાયોગ્ય સિસ્ટમ પણ ગોઠવવી જોઈએ.

❊

# ☼ કોર્સ ખર્ચ ☼

**‘‘આમે ય સાધારણના તોટા છે, આયંબિલખાતાના તોટા છે. અમે તો સાધ્વીજી મહારાજ સામેથી શિબિર-બિબિરની વાત લાવે તો ય ધડ્ દઈને ના પાડી દઈએ, તો પછી અમે આવી બધી જફા ઊભી કરીએ એનો તો સવાલ જ ક્યાં આવે છે ?’’**

Ok, આનો ક્રમશઃ જવાબ આ મુજબ છે -

(૧) સારું કામ કરશો, તો એ કામમાં પૈસાની કમી નહીં રહે, લોકો પૈસા આપવા માટે સારું કામ કરનારને ગોતી રહ્યા છે.

(૨) સાધારણના તોટા હોય તો સાધારણના ખર્ચા ઘટાડો, ક્યાં કઈ રીતે ખોટા ખર્ચા થાય છે, તે શોધીને સુધારો કરો.

(૩) જે ખાતાનું દ્રવ્ય જે ઉપયોગમાં શાસ્ત્રીય રીતે લઈ શકાતું હોય, તેનું યથાર્થ જ્ઞાન મેળવી તે રીતે વહીવટ કરવાથી સાધારણના તોટા થશે નહીં.

(૪) **જરૂર પડે તો વરસના જેટલા સ્વામિવાત્સલ્યો થતા હોય તેમની સંખ્યા અને ખર્ચા પર કાપ મુકાય, પણ આ કોર્સ પર કાપ ન મુકાય, સારા બહુમાનો પર કાપ ન મુકાય, આમાં કાપ મુકવાનો સીધો અર્થ છે સંઘના સારા ભવિષ્ય પર કાપ મુકવો. જે અગ્રણી માટે તદ્દન અનુચિત છે. બીજા શબ્દોમાં - એ પોતાના અગ્રણીત્વ પર કાપ મુકવા બરાબર છે.**

(૫) યોગ્ય સાધ્વીજી ભગવંત જો બહેનોનું સંસ્કરણ કરી આપતા હોય તો સંઘ વતી તેમનો ખૂબ ઉપકાર માનવો જોઈએ. (એ રીતે સાધુ ભગવંત ભાઈઓનું સંસ્કરણ કરે તેમાં ય સમજવું જોઈએ.)

(૬) વ્યવસ્થા-વહીવટ માટે સમય આપવો જ જોઈએ, ન જ પહોંચાય તો પોતાના પ્રતિનિધિ નીમીને કાર્ય કરાવાય, પણ સંઘનું ‘હિત’ આમ ઉડાડી ન દેવાય. (આયંબિલખાતાના ચેપ્ટરમાં તેના સંબંધિત જવાબ આપેલ છે.)

# ❊ સ્પિકિંગ કોર્સ ❊

મન અવ્યક્ત છે. શરીરની મર્યાદા છે. માનવની હાઈએસ્ટ અભિવ્યક્તિ 'વાણી' દ્વારા થતી હોય છે, જેમાં મોટા ભાગની વ્યક્તિ થાપ ખાતી હોય છે, અને જીવનયાત્રામાં વારંવાર માર ખાતી હોય છે.

આપણે એવો પ્રયાસ કરવો જોઈએ, જેનાથી સંઘની દરેક વ્યક્તિ 'શ્રેષ્ઠ વાણી'ની સ્વામી બની શકે. જિનશાસનમાં ઉપદેશમાલા, યોગશાસ્ત્ર, પ્રશમરતિ, આચારાંગસૂત્ર, દશવૈકાલિકસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર વગેરે શાસ્ત્રોમાં સંપૂર્ણ સ્પિકિંગ કોર્સ આપવામાં આવ્યો છે.

સંઘમાં દર વર્ષે ૩ દિવસ સમર્થ ગુરુ ભગવંત પાસે સ્પિકિંગ કોર્સનો લાભ લેવામાં આવે, તો આ લાભો થશે.

(૧) અજૈનોમાં પણ જિનશાસનની સુવાસ ફેલાશે અને જૈનત્વનું ગૌરવ વધશે.

(૨) સંઘના કોઈ ઘરે ઝગડા નહીં થાય.

(૩) સંઘના સભ્યોનો સ્વભાવ સુધરશે.

(૪) **ધંધા-રોજગાર ક્ષેત્રે પણ સારી વાણીથી ફાયદો થતા સંઘ આર્થિક ચિંતાથી મુક્ત થશે.**

(૫) **સંઘમાં પરસ્પરનો વ્યવહાર સુધરશે, ઝગડા ટળશે, આનંદ-મંગળનું વાતાવરણ સર્જાશે.**

(૬) ફક્ત બોલવા દ્વારા જે તીવ્ર કર્મબંધ થતો હતો તે અટકી જશે.

(૭) તોછડી ભાષા, ઝગડા વગેરે કારણે જે જૈનો દેરાસર, ઉપાશ્રયે ઓછા આવતા હતા, ન'તા આવતા તેઓ હોંશે હોંશે આવવા લાગશે.

**(૮) આખું વર્ષ ટ્રસ્ટીઓ સાંભળશે – 'Thank you very much – તમે તો અમારી લાઈફ જ બદલી નાંખી.'**

❊

# ☼ બાળ કોર્સ ☼

એક બાળક રોજ ફક્ત ૨ ગાથા કરે તો એક વર્ષની અંદર એના પંચપ્રતિક્રમણ પૂરા થઈ જાય. બીજી બાજુ આપણે ત્યાં પાંચ-દશ વર્ષ સુધી પાઠશાળા આવનાર બાળકના પણ પંચપ્રતિક્રમણ પૂરા થતા નથી. મોટા ભાગના બાળકો પાઠશાળામાં આવતા નથી. આવે છે તેઓ ૫-૧૦ વર્ષ સુધી આવતા નથી, ૫-૧૦ વર્ષ સુધી ય આવે તેમનો આટલો અભ્યાસ થતો નથી, આટલો અભ્યાસ થાય એને ય લગભગ બધું યાદ હોતું નથી. આ રીતે વર્ષો સુધી આવશ્યક સૂત્રો પણ થયા ન હોય, તેથી તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ સુદ્ધા ન થાય, પાઠશાળાનો અર્થ ફક્ત ગોખણપટ્ટી છે - એવો અર્થ કાઢવામાં આવે. વધતી ઉંમરે ગિફ્ટનું આકર્ષણ જાય એટલે પાઠશાળા આવવામાં એને રસ જ ન રહે.

**આ બધી વાતોને ગંભીરતાથી લેવી જોઈએ. આપણે જો બાળક પર બે-ત્રણ વર્ષની ઉંમરથી સારી રીતે ધ્યાન આપીએ તો એ પાંચ-છ વર્ષની ઉંમર સુધીમાં અતિચારસહિત પંચપ્રતિક્રમણ કરી લે છે. આજે પણ એવા અનેક બાળકો છે. પછી તત્ત્વજ્ઞાન માટે પૂરા દશ વર્ષ આપણા હાથમાં રહે. જેમાં જિનશાસનના મહત્ત્વપૂર્ણ ૧૦૦થી વધુ ગ્રંથોનો અભ્યાસ તે તે કોર્સ દ્વારા થઈ શકે છે, તત્ત્વજ્ઞાનમાં રસ પડવાથી તે બાળક વધતી ઉંમરે પણ પાઠશાળામાં આવશે. તે તે ઉંમરવાળાનો અલગ સમય-અલગ વર્ગ પણ રાખી શકાય.**

બાળકોર્સ માટે નવો કોર્સ ન બનાવીએ અને પ્રવર્તમાન કોર્સમાં જ રોજની ૨-૩ ગાથા લેખે સમયમર્યાદા નક્કી કરીએ તો ૧ વર્ષમાં ૭-૮ ધોરણો થઈ શકે છે.

☼

## ❊ વર્કશોપ ❊

બાળ કોર્સમાં જેની વાત કરી તે તત્ત્વજ્ઞાનના ૧૦૦થી વધુ ગ્રંથોના કોર્સ કઈ રીતે રાખવા ? કઈ રીતે સંઘની જુદી જુદી ઉંમરની વ્યક્તિઓ તેનો લાભ લઈ શકે ? તેનો જવાબ છે વર્કશોપ.

સંઘની પાઠશાળામાં પ્રચલિત કોર્સને કીડીવેગની બદલે વાયુવેગ આપી દેવામાં આવે એટલે બહુ ઓછા સમયમાં તે કોર્સ પૂરો થઈ જશે, તે કોર્સ પૂરો થઈ જાય એટલે આ - વર્કશોપ ચાલુ કરી શકાય.

વર્કશોપ એટલે ચોક્કસ ગ્રંથનું જ્ઞાનસત્ર જેમાં ચોક્કસ દિવસોમાં ચોક્કસ ગ્રંથ પૂરો કરવામાં આવે. જેમ કે દશ દિવસમાં યોગશતક, વીશ દિવસમાં યોગસાર, પંદર દિવસમાં અધ્યાત્મકલ્પદ્રુમ, ત્રીસ દિવસમાં પ્રશમરતિ... વગેરે વગેરે...

**આમાં ટુ ધ પોઈન્ટ ગ્રન્થસ્પર્શી ગાથાર્થ સમજીને આગળ વધવાનું હોય, આમાં વાર્તા, બીજો ઉપદેશ, અન્ય કોઈ વાત વગેરે ન આવે, એકદમ ક્રીમ નોલેજ મળે, સીધા પૂર્વાચાર્યોના શબ્દોનો ભાવાર્થ મળે. આ રીતે સંખ્યાબંધ ગ્રંથોમાંથી પસાર થતા થતા આપણું આખું વ્યક્તિત્વ જ બદલાઈ જાય.**

આવા જ્ઞાનસત્રો સમર્થ ગુરુ ભગવંતની પાસે કે યોગ્ય પંડિતજીની પાસે થઈ શકે. સાધ્વીજી ભગવંત બહેનોને ભણાવી શકે. તે તે વર્કશોપની સારી રીતે જાહેરાત થાય, ફી લઈને પાસ અપાય, ટોટલ હાજરી કે મેકઝીમમ હાજરી હોય એને છેલ્લે ફી રિટર્ન અપાય અથવા પંડિતજી, જાહેરાત વગેરેના ખર્ચ પેટે ફી રાખી પણ લેવાય.

આ વિષેના વિશેષ માર્ગદર્શન માટે જુઓ -

બુક : **વર્કશોપ.**

બુક : **સ્વપ્નજિનશાસન** માં ચેપ્ટર - **યુનિવર્સિટી ઓફ ડિવાઈન નોલેજ.**

❊

# ✳ એક્ઝામ્સ ✳

લગભગ સતત જુદા જુદા ગુરુ ભગવંતો દ્વારા ચોક્કસ પુસ્તક પર રાખેલી ઓપન બુક એક્ઝામ્સ ચાલતી હોય છે. ક્યારેક તેનું બેનર આપણા સંઘે લાગ્યું હોય છે, ક્યારેક નથી લાગ્યું હોતું. લાગ્યું હોય તો ય સંઘના બધાને જાણ થતી હોતી નથી. જાણ થઈ હોય તે બધાને જોડાવાની ઈચ્છા નથી થતી. ઈચ્છા થઈ હોય તે બધાં 'કયાંક'થી ચોપડી મેળવવાની છે... આ મુદ્દે ઈચ્છા પૂરી કરવાનું મુલતવી રાખે છે, ને પછી આ વાત ખોરંભે ચડી જાય છે.

**જ્યારે ઓલરેડી આવું આયોજન થયું જ છે, ત્યારે સંઘ એનો Max. લાભ લે એવા પ્રયત્નો આપણે શા માટે ન કરીએ, સંઘના ઘરે ઘરે આ માહિતી પહોંચાડીએ, ઈચ્છુક હોય એમનો ઓર્ડર બુક કરી તેમને સંઘની ઓફિસથી એ બુક + પ્રશ્નપત્ર મળી જાય એવી વ્યવસ્થા કરીએ, સંઘના વિસ્તારના બીજા દેરાસરોના બોર્ડ પર આ માહિતી લખીએ, કશો પણ ખર્ચ કર્યા વિના સંઘને સમ્યક્ જ્ઞાનમાં જોડવાનો આ અવસર હોય છે, તેને સંઘે વધાવી લેવો જોઈએ. શક્ય હોય તો સંઘના જે સભ્યો તેમાં ભાગ લે તેમનું માર્ક અનુસારે વિશેષ બહુમાન પણ કરવું જોઈએ.**

આ સિવાય સંઘે પોતે સંઘના સભ્યો માટે બાર મહિનામાં બાર પરીક્ષા ચોક્કસ પુસ્તક અને ગ્રંથના આધારે લેવી જોઈએ, અથવા તેના આધારે ક્વીઝ જેવું રાખવું જોઈએ અને તેના શ્રેષ્ઠ ઈનામો આપવા જોઈએ.

આપણે જો આટલું કરી શકીએ તો સંઘના ઘર ઘરનો માહોલ જ બદલાઈ જાય. સંઘ આખાના દેદાર ફરી જાય.

✳

# ※ બુક્સ ※

લોકો ઘરમાંથી અમુક બુક્સનો નિકાલ કરતા હોય છે, દિવાળીમાં આ પ્રવૃત્તિ વિશેષથી થાય છે, આ પુસ્તકો લગભગ દેરાસર-ઉપાશ્રયમાં આવતા હોય છે. એ પુસ્તકોનું શું કરવું એ પ્રશ્ન હોય છે.

આવા પુસ્તકોના વિભાગ પાડવા જોઈએ -

(A) પ્રાચીન ગ્રંથો કે પ્રાચીન ગ્રંથ આધારિત પુસ્તકો-અભ્યાસ યોગ્ય પુસ્તકો.

(B) જૈનો સમજી શકે તેવા પુસ્તકો

(C) અજૈનો સમજી શકે તેવા પુસ્તકો

(D) બાળકો સમજી શકે તેવા પુસ્તકો.

A-વિભાગના પુસ્તકો જ્ઞાનભંડારમાં જમા કરાવવા જોઈએ.

B-વિભાગના પુસ્તકો એવા દૂર પ્રદેશના સંઘો-જ્યાં પુસ્તકો પહોંચતા જ નથી, ત્યાં પહોંચાડવા જોઈએ, જો આપણે કાળજીપૂર્વક આવું કરતા રહીએ તો તે સંઘોમાં સરસ લાઈબ્રેરી થઈ જાય જે મહાત્માઓના અભાવમાં પણ સમ્યક્ જ્ઞાનનો સ્રોત બની શકે.

C-વિભાગના પુસ્તકોને સાર્વજનિક વાચનાલયો, સ્કૂલ લાઈબ્રેરીઝ વગેરેમાં મુકવા જોઈએ. તથા હોસ્પિટલના રૂમ્સ, ક્લિનિક વગેરેના વેઈટીંગ રૂમ્સ, પોલિસસ્ટેશનો, કોર્પોરેશનની ઓફિસો વગેરેમાં આપવા જોઈએ. આપણા પડોશમાં-આસપાસમાં રહેતા હોય એવા અજૈનોને તથા આપણા બાળકો દ્વારા તેમના સ્કૂલના શિક્ષકોને આપી શકાય.

D-વિભાગના પુસ્તકોથી સંઘમાં જ એક સરસ બાળ લાઈબ્રેરીનું નિર્માણ કરી શકાય, શક્ય બને તો તેનું સ્થાન જિનાલય પરિસરમાં રખાય. તેનો ખરેખર સારો ઉપયોગ થશે. આ રીતે યોગ્ય વિનિયોગ ન કરવો, કચરા જેવો વ્યવહાર કરવો એ જ્ઞાનની આશાતના છે અને સંઘના સારા ભવિષ્ય માટે હાનિકારક છે.

✳

## ❊ નાણ/રથ ❊

અમુક સંઘોમાં નાણ હોય છે. જે દીક્ષા વગેરે પ્રસંગોમાં ઉપયોગી બની શકે, જો સંઘમાં જગ્યાની અનુકૂળતા હોય, તો સંઘમાં નાણ રાખવી જ જોઈએ જેથી પ્રસંગે સંઘે/લાભાર્થી પરિવારે/કાર્યકરોએ બીજેથી નાણ મંગાવવા-લાવવા-પાછી મોકલવાની હાડમારી વેઠવી ન પડે. નાણનું સંપૂર્ણ નિર્માણ દેવદ્રવ્યમાંથી થઈ શકે છે.

જો આપણા સંઘમાં નાણ હોય તો કોઈના પણ પ્રસંગે અહોભાવપૂર્વક આપવી જોઈએ. નાણનો ફિક્સ નકરો રાખવો, એની માંગણી કરવી, એ પાછો ચાર-પાંચ હજાર જેવી મોટી રકમનો હોય, એ સંઘ માટે ખૂબ જ શરમજનક વસ્તુ છે. આપણે તટસ્થપણે વિચારીએ કે શું આ 'ધંધા' જેવું નથી લાગતું ? **આપણા વડીલ ગુરુ ભગવંતો - છેલ્લી સદીના મહાપુરુષો ભગવાન આપવાનો ય નકરો રાખવાની ના પાડતા હતા. આરાધનાના આલંબનોને આ રીતે આવકનું માધ્યમ બનાવવા જતા એ આલંબનોની પણ આશાતના થાય છે, લેનારની ધર્મભાવનાને પણ આંચકો લાગે છે ને આવી રીતે નાણ આપવામાં આપણા મનોભાવો પણ નિર્મળ રહેતા નથી. એ ઉપજ પાછી દેવદ્રવ્યમાં જવાની, જેની સંઘને બિલકુલ જરૂર હોતી નથી. કદાચ જુદે ખાતે જતી હોત તો ય આ રીતે ઉપજ કરવી એ સંઘ માટે કેટલી શોભાસ્પદ ?**

થવું શું જોઈએ ? જ્યારે એક સંઘ બીજા સંઘને નાણ વગેરે આપે છે ત્યારે કશું પણ ન લેવું જોઈએ, સંઘ જ્યારે દીક્ષાર્થી પરિવાર વગેરે કોઈ વ્યક્તિને આપે છે, ત્યારે તેમની જે ભાવના હોય - શક્તિ હોય તે મુજબ આપવું હોય તે આપે. ન આપે તો ય વાંધો નહીં. સંઘ સામેથી દીક્ષાર્થીનું ૧૦૦ રૂા.થી બહુમાન કરે, ને સંઘ પોતે દેવદ્રવ્યમાં આ નિમિત્તે રૂા. ૧૦૦ આપે. હા, સેફ્ટી ડિપોઝીટ બધા પાસે લઈ શકાય. સંઘની શોભા અને અભ્યુદય આવી નીતિમાં છે. આવું જ રથ વગેરેની બાબતમાં ય સમજવું જોઈએ.

❊

## ✻ નકરો ✻

એક આત્મા જ્યારે આખો સંસાર છોડતો હોય, ત્યારે સંઘે એમ વિચારવું જોઈએ કે આમાં અમારું શું ? લોકો મોટા મોટા બહુમાન સમારંભો કરે, દીક્ષાર્થીના ઓવારણા લે, અશ્રુની અંજલિ અર્પે, એ દીક્ષાર્થીની દીક્ષા માટે એના મા-બાપ એમના આખા ભવિષ્યનું બલિદાન આપે, લોકો એમના ય પગે પડે, ને એ વંદનીય પરિવાર એમની દીક્ષાવિધિની જરૂરિયાત માટે આપણા સંઘના આંગણે આવ્યો હોય, એમને ભગવાન, નાણ કે રથ વગેરે કાંઈ જોઈતું હોય, ને એ માટે તેઓ સંઘ પાસે ઉપસ્થિત થાય એ સંઘનું કેવું સૌભાગ્ય ! કેવી લાગણીથી ભીના ભીના થવાની આ ક્ષણો હોય ! આપણને આ કેવો સરસ મોકો મળ્યો એમ થાય... આપનો ખૂબ ખૂબ આભાર કે અમારા સંઘને આ લાભ આપ્યો... એવી ફીલિંગ્સ થાય. સંઘ સામેથી દીક્ષાર્થીનું બહુમાન કરીને હોંશે હોંશે નાણ વગેરે આપે.

**આની બદલે સંઘ એવું કહે કે પહેલા ૧૦ હજાર ભરો. ૫ ડિપોઝિટના ને ૫ નકરાના. નાણ પાછી આપો ત્યારે ૫ પાછા મળશે - આવું કહેવું શોભે ખરું ? આમ કહેવામાં સંઘની આબરુ ન જતી રહે ? આબરુ વધુ મૂલ્યવાન કે ૫-૧૦ હજાર રૂા. વધુ મૂલ્યવાન ?**

ઘસારો લાગે ય તો ય ૫૦૦૦ રૂા. જેટલો તો ન જ લાગે ને ? મધ્યસ્થતાથી આપણે વિચારશું તો આપણી નીતિ માટે આપણને જ પસ્તાવો થશે. માટે પૂર્વ પ્રકરણ - નાણ-રથમાં કહ્યું, તેવી જ નીતિ અપનાવવી જોઈએ. એમાં જ સંઘની શોભા અને આપણું ઔચિત્ય છે. કયાંક દર્શનીય પ્રતિમા વગેરે ફાઈબરની હોય તે નકરાથી અપાય છે. તેમાં પણ આ દૃષ્ટિએ વિચારવું જોઈએ.

✻

## ✻ લવાજમ ✻

સંઘમાં કોઈ નવા જૈન રહેવા આવે એટલે સંઘના સભ્ય થવા માટે પહેલા એમણે ૫-૧૦ હજાર રૂા. ભરવા પડે, પછી વાર્ષિક લવાજમ આપવું પડે, જે ૧૦૦૦/૧૫૦૦ રૂા. નું હોય. બરાબર ?

આપણે શાંતિથી વિચારીએ - એના આવતાની સાથે આપણે એનો સંઘ સાથેનો નાતો જોડીએ છીએ કે તોડીએ છીએ ? અગ્રણીઓ એવું પણ બોલે છે, કે એણે ૫૦ લાખ-કરોડનો ફ્લેટ લીધો તો ૧૦-૧૫ હજાર ભરવામાં શું વાંધો આવે ? પણ શું દરેકે પોતાના પૈસે ફ્લેટ લીધો હોય ? શું કોઈએ લોન ન લીધી હોય ? શું કોઈએ માંડ માંડ ફ્લેટ લીધો હોય ને હજી પૂરી ચૂકવણી ન થઈ શકી હોય, એવું ન જ બને ? તો ય બધા માટે આ જ કાયદો ? આપણા શ્રીસંઘમાં આવનાર આગંતુકનું આપણે આવું સ્વાગત કરીશું ? એમને આવી - ખંખેરવાની દૃષ્ટિથી જોઈશું ?

**ને આપણે આવું કરશું, એનાથી એને સંઘ પ્રત્યે લાગણી રહેશે ખરી ? એ સમર્થ પણ હશે, તો ય બીજા દાન આપવા માટે એનો હાથ ટૂંકો નહીં થાય ? અહીંયા ય બધું કમર્શિયલ જ છે - એવી છાપ નહીં પડે ? પરિણામે સંઘમાં આવતાની સાથે એની ધર્મભાવનાને ઠેસ નહીં પહોંચે ? તો ય આ રીતે આપણે એને સંઘના સભ્ય બનાવી રહ્યા છીએ કે સંઘથી વિખૂટા પાડી રહ્યા છીએ ?**

પરંપરાગત સંસ્કારોથી અને કાર્યક્રમોમાં જોડાઈ રહેવાની ઈચ્છાથી એક વાર એ સભ્ય તો બની જશે, પણ સંઘ પ્રત્યે અને ખાસ કરીને અગ્રણીઓ પ્રત્યે એના હૃદયમાં બહુમાનભાવ નહીં રહે.

✻

# ✻ આગંતુક ✻

આપણા સંઘમાં આવનાર આગંતુક પ્રત્યે આપણું ઔચિત્ય શું ? એડમિશન ફી લેવી એ ? કે ભક્તિ કરવી એ ? આપણા ઘરે આવનાર આગંતુકને આપણો પ્રશ્ન શું હોય ? શું લેશો ? કે શું દેશો ?

આ બધા માત્ર વિચારો કે તરંગો નથી, આપણો ઈતિહાસ સાક્ષી છે, કે સંઘમાં આવનારા દરેક નવા પરિવારને સંઘમાંથી ઘર દીઠ એક સોનામહોર મળે, એક ઈંટ મળે, એક નળિયું મળે - પેલો આવતાની સાથે શ્રીમંત થઈ જાય. એને ઘર બનાવવાનો સામાન મળી જાય, એને હૂંફ મળે, એને લાગણી મળે, એની ધર્મભાવનાના ગુણાકારો થઈ જાય. એની સંઘ પ્રત્યેની આત્મીયતાના ગુણાકારો થઈ જાય. એ આજીવન સંઘ સાથે તન-મન-ધનથી જોડાયેલો રહે. આ લાભોની સામે ૧૦-૧૨ હજારની એડમિશન ફીનો લાભ કેટલો તુચ્છ છે ?

વર્તમાન સમયમાં ગામડામાં તો નવા આગંતુકો આવતા નથી, શહેરોમાં આવે છે. શહેરોના સંઘોમાં ૫૦૦ થી માંડીને ૧૦૦૦-૧૫૦૦-૨૦૦૦ સુધીના ઘરો હોય છે. જો સંઘ એટલું પણ નક્કી કરે કે સંઘના વિસ્તારમાં જે જૈન પરિવાર રહેવા આવે, તેમને ઘર દીઠ Min. ૧૦૦ રૂા. બધાએ આપવાના તો આગંતુકને ૫૦,૦૦૦ થી માંડીને લાખ-બે લાખ સુધીનું બહુમાન મળે. **સંઘનું ગૌરવ વધે. અજૈનોને પણ જિનશાસન પ્રત્યે બહુમાન જાગે. એ આગંતુક પરિવારને તેવી આર્થિક રીતે જરૂર હોય કે ન હોય, એ બહુમાનમાં સમાયેલી લાગણી એને જરૂર સ્પર્શશે, ને એ આજીવન સંઘનો બની જશે. સંઘની ખરી જરૂર એન્ટ્રી-ફીથી પૂરી નથી થતી, આ લાગણીભર્યા બહુમાનથી પૂરી થાય છે. કદાચ તો ય, એન્ટ્રી ફી રદ ન જ કરી શકો, તો ય આ બહુમાન ચાલુ કરી દેવું જોઈએ. તમે શરૂ તો કરો, ખરેખર, બહુ મજા આવશે.**

✻

# ✳ કાળજી ✳

ભારતમાં ભા.જ.પ.ના લાખો કાર્યકરો હશે. જાણવા મુજબ દરેક કાર્યકરને જન્મ દિવસે P.M. તરફથી લેખિત જન્મદિનની શુભેચ્છા મોકલાય છે. અહીં નજીકમાં એક M.L.A. ના પપ્પા ઓફ થઈ ગયા. P.M. તરફથી પત્ર આવી ગયો. P.M. સમજે છે કે મારું નાયકત્વ આ બધાને આભારી છે. આ બધા છે તો હું છું. આ બધા સ્વસ્થ અને પ્રસન્ન છે, તો હું છું. મારું અગ્રણીત્વ આ બધાની કાળજીને આભારી છે. બીજા શબ્દોમાં - આ બધાની કાળજી એ જ મારું અગ્રણીત્વ છે.

**સંઘના અગ્રણીએ આ બાબત બહુ ગંભીરતાથી વિચારવા જેવી છે. ૫૦૦-૧૦૦૦ ઘરનો સંઘ હોય, ૨૦૦૦-૪૦૦૦ જણનો આપણો સંઘ-પરિવાર હોય, એમના માટે આવું કાંઈ ન થઈ શકે ? સંઘના લેટરપેડ પર મૂળનાયક દાદાના અસીમ આશિષ સહ સકળ શ્રીસંઘ વતી ઉર્મિઓનો વરસાદ વરસાવતો શુભેચ્છા-પત્ર પ્રમુખની સહી સાથે સંઘની દરેક વ્યક્તિને જન્મદિને મળી રહે, શક્ય બને તો સાથે નાની ગિફટ હોય કે ૧૦૦ ગ્રામ પણ મીઠાઈ હોય... કલ્પના તો કરો... સંઘ સાથેના સંબંધમાં કેવું માધુર્ય ઉમેરાય !**

એવી ગોઠવણ કરી હોય કે સંઘમાં કોઈને પણ બીમારી, અકસ્માત્ વગેરે તકલીફ આવે તો તરત અગ્રણીને ખબર પડી જાય. એના ઘરે અગ્રણીનો ફોન જાય... ‘‘પ્રણામ કેવી છે હવે તબિયત ? કાંઈ કામ છે ? દવા-ડોકટર ? કંઈ પણ જરૂર છે ? કોઈ નિદાન કરાવવું છે ? પૈસાની જરૂર છે ? બિલકુલ સંકોચ વિના બોલો.’’ કેટલો વહીવટ વધે ? કોઈ કામ કરનાર નથી ? કોઈ આવતું નથી ? એવું હોય તો તો ખાસ આ કાળજી લેવાનું શરૂ કરી દો, પછી જુઓ, આખું વાતાવરણ જ કેવું બદલાઈ જાય છે !

✳

# ✻ સુરક્ષા ✻

સંઘના કોઈ પરિવારને કોઈ તોફાની તત્ત્વ સતાવે - ધંધામાં/નોકરીમાં /કોલેજમાં/પડોશમાં ત્યારે સંઘનું એક જૂથ અડધી રાતે ય પડખે ઊભું રહે, સંઘના વગદાર માણસો એ નાના માણસ ખાતર પણ આખી ફોજ ખડી કરી દે અને એ તોફાની તત્ત્વને ભાગી છૂટવું પડે, એવી સંઘ પાસે વ્યવસ્થા હોવી જોઈએ.

સંઘના ધિંગા યુવાનોને મજા પડે એવી આ સંઘસેવા છે. સંઘના વગદાર માણસોની વગ ખરા અર્થમાં સાર્થક થાય એવો આ અવસર છે. સાધર્મિક ભક્તિ તો આપણો પાયાનો સિદ્ધાન્ત છે, સાધર્મિક ગભરાયેલો હોય, ટેન્શનમાં હોય, ફફડતો હોય, ઉજાગરો કરતો હોય, નાશીપાશ થઈ ગયો હોય, ને આપણે આપણા એશ-આરામમાં હોઈએ, તો ધૂળ પડી આપણામાં.

**સંઘના સભ્યને સંઘ તરફથી લાગણી ને હૂંફ ન મળે, સુરક્ષાની કોઈ બાંહેધરી ન મળે, એ ચોકખું જુએ કે આમાંથી કોઈને મારી પડી નથી, તો એનું સંઘ પ્રત્યેનું બહુમાન ટકશે ખરું ? એને ધર્મ પ્રત્યે પ્રેમ જાગશે ખરો ? એની શ્રદ્ધા ટકશે ખરી ? શું એ મિથ્યાત્વ નહીં પામી જાય ? કોઈ ધૂતારા આ તકનો લાભ નહીં ઉઠાવે ?**

જો આવું થાય તો આખો સંઘ કેટલા પાપનો ભાગી થાય ! અગ્રણી સૌથી વધુ પાપના ભાગી થાય. આગમમાં કહ્યું છે કે કોઈ મહાત્મા માંદા પડે અને જો ગ્રુપ એમની સંભાળ ન કરે, તો એ મહાત્મા જેટલા વધુ પીડાય એટલું બધાને વધુ પ્રાયશ્ચિત્ત આવે, ગુરુને સૌથી વધુ પ્રાયશ્ચિત્ત આવે. ગ્રુપ અને ગુરુની આ વાત સંઘ અને અગ્રણીને પણ લાગુ પડે છે.

✻

# ☼ ટેરેસ ☼

શહેરના સંઘોમાં લગભગ ઉપાશ્રયના મકાનની આજુ-બાજુ મોટા મોટા મકાનો હોય છે, જેમાંથી ગૃહસ્થો ઉપાશ્રયની ટેરેસને સ્પષ્ટપણે જોઈ શકે છે, ટેરેસમાં પરઠવવાની વ્યવસ્થા હોય, ત્યારે સહજ રીતે મહાત્માને ત્યાં પ્યાલો લઈને જવાનું થાય, પૌષધવાળા શ્રાવકોને પણ એ રીતે જવાનું થાય, તેઓ ત્યાં પ્યાલો પરઠવે આ દૃશ્ય જોઈ જોઈને આજુ-બાજુવાળાને ચીડ ચડે, નફરત થાય, જુગુપ્સા થાય, તેમને એમાં આચારના નહીં, પણ અનાચારના દર્શન થાય, તેમનું ધર્મી પ્રત્યે અને ધર્મ પ્રત્યે બહુમાન તૂટે, સંઘ પ્રત્યે આદર તૂટે, તેઓ તે અંગે નિંદા-કુથલી-ફરિયાદ કરતા થાય, પછી કારણે કે વગર કારણે તેઓ સંઘને વિઘ્ન કરે, સંઘના પ્રસંગોમાં સહકાર ન આપે, મહાત્માને ગોચરી વહોરાવવા વગેરેમાં તેમને ઉલ્લાસ ન જાગે, જે અજૈનો હોય તેઓ જૈનોને શરમાવે, બંને સંઘથી વિખૂટા થાય, ભલું હોય તો કોઈ માથાભારે વ્યક્તિ કેસ કરે. પૌષધધારી કોઈ વૃદ્ધ વ્યક્તિ હોય ને એ સીધા જાહેરમાં બેસે તો આસ-પાસના લોકોને તીવ્ર જુગુપ્સા થાય.

**આવું બધું ન થાય તે માટે પહેલાથી જ ટેરેસને well-covered રાખવી જોઈએ, આપણા ઘરની આબરુ સાચવવા માટે આપણે બધું જ કરી છૂટવા તૈયાર હોઈએ, અને સંઘની આબરુ સાચવવા માટે આપણને કાંઈ પડી જ ન હોય, એમાં હકીકતમાં તો આપણું અગ્રણીત્વ જ નંદવાતું હોય છે. બિલ્ડર્સ જેમ પોતાના પ્લોટ્સને મેટલના પતરાથી covered કરી દે છે, એ રીતે ટેરેસમાં કરી દેવાય તો આ બધી કરુણતાનો અંત આવી જાય. જો ગ્રાઉન્ડ ફ્લોરમાં ય આવી પરિસ્થિતિ હોય, તો ત્યાં પણ આવો ઉપાય કરવો જોઈએ. રોડ પર કુંડી રાખવી જ ન જોઈએ, એ સંઘની આબરુની હત્યા છે.**

✵

# ☼ લ્હાણી ☼

જૈનો ખવડાવનારા માણસો છે, લ્હાણી કરવી એ એમનો શોખ છે. આપણે ૫૦૦-૫૦૦ કે ૧૦૦૦-૧૦૦૦ કિ.મી. દૂર સુધી અનુકંપાદાન કરીએ છીએ, છેક બિહાર ને યુ.પી. સુધી આપણી માનવતા પહોંચતી હોય છે. આપણા સંઘના સભ્યો... આપણા ભગવાનનો પરિવાર... પંચપરમેષ્ઠીની ખાણ... એવા પુણ્યશાળીઓની ભક્તિથી આપણે વંચિત તો નથી રહેતા ને ? એ આપણે વિચારવું જોઈએ.

**સંઘમાં એવી સિસ્ટમ કરવી જોઈએ કે કોઈને પણ ત્યાં કંઈ પણ પ્રસંગ છે એને ઘર દીઠ કે માથા દીઠ ૫-૧૦ રૂા.ની વસ્તુની પણ લ્હાણી કરવી હોય, તો સંઘ એની વ્યવસ્થા કરી દે. સ્વામિવાત્સલ્ય તો વર્ષમાં થઈ થઈને બે-ચાર વાર થાય, એનો લાભ કેટલા જણ લઈ શકે ? તો શું આખા સંઘની ભક્તિનો લાભ નહીં લેવાનો ? શું નાની વસ્તુની ભક્તિ એ ભક્તિ નથી ? એક વાર આવું શરૂ થાય, પછી જુઓ કેવો માહોલ સર્જાય છે... ઘરે ઘરે વરસમાં સેંકડો વાર સંઘભાવના ઘૂંટાશે.**

એ રીતે સંઘ તરફથી - દિવાળીની પહેલી મિઠાઈ, શિયાળાના પહેલા ડ્રાયફ્રુટ્સ, સિઝનનો પહેલો રસ/કેરી, પર્યુષણના અત્તરવારણાની પહેલી આઈટમ. આની લ્હાણી કરવામાં આવે, જરૂર પડે તો તેના સૌજન્ય દાતાઓ ય લેવામાં આવે, સંઘને જમાડવામાં ય પુણ્ય, સંઘને યાદ કરતા કરતા જમવામાં ય પુણ્ય, સંઘની પરસ્પરની લાગણી વધારવામાં પરમ પુણ્ય, શરૂ તો કરો, ખરેખર, મજા પડી જશે.

☼

# ❊ વાટકી વ્યવહાર ❊

સંઘની આજુ-બાજુમાં રહેતા જૈન કે અજૈન લોકો એ સંઘના પડોશી હોય છે. પડોશી સાથે વાટકી વ્યવહાર કરવાનો હોય છે. પડોશી આપણા પાર્કિંગના અતિક્રમણને સહી લે, પ્રસંગોનો ઘોંઘાટ સહી લે, પર્વદિવસોની ભીડ સહી લે એવી વાટકીની અપેક્ષા આપણને હોય છે, તેની સામે આપણે એ પડોશીને કોઈ વાટકી આપીએ છીએ ખરા ? જો ના, તો આપણી વાટકીની અપેક્ષા પૂરી નહીં થાય અને માથાકૂટો અને સંઘર્ષોની વણઝાર ચાલશે.

સંઘમાં એક કાયદો એવો બનાવવો જોઈએ કે જેની પણ પૂજા-પૂજન વગેરે હોય, તેણે આજુબાજુના ઘરોમાં લ્હાણી કરવાની રહે, વધુ કશું જ નહીં ફક્ત મિઠાઈનો એક જ પીસ. એ ય પ્રભુના પ્રસાદના નામે. એનાથી અજૈનોને પણ પ્રભુ સાથે લાગણી બંધાય અને પછી પૂજા-પૂજન અપ્રિય ન લાગે, ઉલ્ટુ ગમે.

**સંઘમાં જ્યારે પણ સ્વામિવાત્સલ્ય હોય ત્યારે આજુ-બાજુમાં સાવ નજીકમાં રહેતા અજૈનોને પણ આમંત્રણ આપવું જોઈએ, ને તેમને પ્રેમથી જમાડવા જોઈએ. કોઈના માથામાં આ વાત ન બેસે, તો એને સમજાવવું જોઈએ કે આ પણ સ્વામિવાત્સલ્યના ખર્ચની અંદર જ છે. જો આપણે સ્વામિવાત્સલ્યો અને બીજા ધર્મપ્રસંગો નિર્વિઘ્ને ચાલુ રાખવા છે, તો આવું કરવું જરૂરી છે.**

સંઘમાં કોઈ પણ જમણવારમાં મિઠાઈ વધે તો એના વેચાણથી આવક કરવાનો મોહ છોડીને તેની આ રીતે લ્હાણી કરી દેવી જોઈએ, તેનાથી જે લાગણીની આવક થાય છે, તેનાથી સંઘને ઘણા લાભો થાય છે. જેમાં આર્થિક લાભ પણ સમાવિષ્ટ છે.

❊

# ⁕ માઈક ⁕

સંગીતકાર-વિધિકાર સિવાય ૫-૧૦ જણ માંડ હોય અને બે હજાર માણસ સાંભળી શકે એવો અવાજ હોય ને વરસ દરમિયાન આવું વારંવાર બન્યા કરતું હોય, એનો અર્થ એ છે કે આપણે જ આપણી આબરુના ધજાગરા કરાવીએ છીએ. પછી આજુ-બાજુવાળાની ધીરજ ખૂટે, એમની ધર્મભાવના તૂટે, ધીમે ધીમે એમને ધર્મ પ્રત્યે દ્વેષ થાય, પછી શરમ છૂટે, ખાનગીમાં કે જાહેરમાં નિંદા ચાલુ થાય, પછી ફરિયાદો ચાલુ થાય, પછી વિરોધો ચાલુ થાય.

**આ બધું ઠંડે કલેજે જોયા કરવું ને ચાલવા દેવું એ બિલકુલ ઉચિત નથી. એ પ્રસંગ લાભાર્થીની ઈચ્છાનુસાર પાર પડી જાય એટલું પૂરતું નથી, એ એનાથી જિનશાસનનું ગૌરવ ઘટતું હોય, સંઘની સમસ્યાઓ વધતી હોય, ભાવિના પ્રસંગો પર પ્રશ્નાર્થચિહ્ન મુકાતો હોય અને બીજા સેંકડો જિનાલયો અને ઉપાશ્રયોના નિર્માણો જ અટકી પડતા હોય, તો એવું હરગીઝ ન થવા દેવાય.** યોગ્ય કાયદા કરવા પડે. લાભાર્થીને પણ એની આવશ્યકતા સમજાવવી પડે, સંઘના કાર્યક્રમોમાં પણ આ મર્યાદા જાળવવી પડે, જેમ કે ૨૦૦ થી ઓછા લોકો હોય, એમાં માઈક અલાઉડ જ ન હોય. ૨૦૦ માણસમાં Max. આટલી જ ક્ષમતાવાળો માઈક... ૩૦૦માં આટલી ક્ષમતાવાળો.. એવું ચોક્કસ નિયમન હોવું જોઈએ. આ સંખ્યા કુલ - જમી જનાર માણસની નહીં, પણ હાજર માણસની હોવી જોઈએ. જો આટલું નિયમન થાય, તો મોટા ભાગના પ્રસંગોમાંથી માઈક નીકળી જશે અને ઉપરોક્ત સમસ્યાઓ ટળી જશે.

⁕

# ✻ પાર્કિંગ ✻

શહેરની આ સળગતી સમસ્યા છે, એમાં પણ જ્યારે કોઈ દેરાસર-ઉપાશ્રય-ધાર્મિકપ્રસંગે આવેલ વ્યક્તિ ગમે તે રીતે પાર્કિંગ કરી દે ત્યારે આખો સંઘ બદનામ થઈ જાય છે, શાસનહિલના થાય છે, કેટલાંકને લાગ મળી જાય છે ને સંઘ પોલિસ વગેરેની ઉપાધિમાં પડી જાય છે.

જ્યારે આવી બધી સંભાવનાઓ હોય, ત્યારે આ મુદ્દે બેદરકાર શી રીતે બની શકાય ? પ્રોગ્રામની જાહેરાત સરસ થઈ ગઈ. શણગારવાળા, કેટરર્સવાળા, સંગીતકાર, વિધિકાર બધાને એના કામો સોંપી દીધા, પણ પાર્કિંગ દૃષ્ટિએ કાંઈ વિચાર્યું જ નહીં, પછી એ જ થયું, જે થઈ શકે... આવી સિસ્ટમ ચાલે ?

કરવું શું જોઈએ ?

(૧) દશેક સ્વયંસેવકો એવા નીમવા જોઈએ જેઓ ક્યાં પાર્ક કરી શકાય - ક્યાં નહીં - તેનો નિર્દેશ કરે.

(૨) જો સંઘમાંથી ભાઈઓ તેવી સેવા આપી શકે તેમ ન હોય, તો તેવી સેવા આપનાર વોચમેન રાખવા જોઈએ, પાછળથી સંઘર્ષો ન થાય તે માટે પ્રસંગ લાભાર્થીએ આટલો ખર્ચ ભોગવી લેવો જોઈએ.

(૩) **જિનાલયની આસપાસના ૧-૨ મિનિટના અંતરમાં જેમના ઘરો હોય, તેમને આવા પ્રસંગે તેમના ફ્લેટ/બંગલાની પાર્કિંગની જગ્યાએ આગંતુકોનું પાર્કિંગ થઈ શકે તેનો લાભ લેવાની પ્રેરણા કરવી જોઈએ. અને આવો લાભ લે, તેમનું અવસરે અવસરે બહુમાન કરવું જોઈએ.**

(૪) પ્રવચનમાં-પાર્કિંગનો લાભ લેવાની મહત્તા સમજાવવા માટે - ગુરુ ભગવંતોને વિનંતી કરવી જોઈએ.

(૫) દેરાસર-ઉપાશ્રયના રિનોવેશન/નવનિર્માણ વગેરે પ્રસંગોમાં બધી જગ્યામાં બાંધકામ કરવાનું ટાળીને પાર્કિંગની પૂરતી જગ્યા રાખવી જોઈએ.

## ❊ મંડળો ❊

સંઘમાં યુવક મંડળ - મહિલા મંડળ વગેરે હોય, તેમની ફરજ સંઘને સમર્પિત રહેવાની છે. સંઘની ફરજ તેમને હૂંફ આપવાની છે. આપણે બીજાની ફરજ જોઈએ અને આપણી ફરજ ન નિભાવીએ એમાંથી સંઘર્ષ જન્મે છે. જેનાથી કષાયો થાય છે, આત્મહિત જોખમાય છે અને સંઘના કાર્યો બગડે છે.

**મંડળોને સંઘના પ્રતિસ્પર્દ્ધી તરીકે જોવા - તેમાં આપણા અને મંડળોના મનોભાવ બગડે છે. સંઘનું આખું વાતવરણ કલુષિત થાય છે, બીજા ૧૦ જણ સંઘમાં આવતા અટકે છે. એની બદલે મંડળોને જે જરૂરિયાતો હોય, તેના માટે સંઘ સામે ચાલીને પૃચ્છા કરે, યથાશક્ય એ જરૂરિયાતો પૂરી કરે, તો મંડળો પણ સંઘ પ્રત્યે સમર્પણ દાખવવા કટિબદ્ધ બને.**

આ બુકમાં જે સૂચનો છે, તે વાંચતા વાંચતા અગ્રણીઓને એમ વિચાર આવવાનો કે ‘‘અમે આટલા બધા કાર્યોને શી રીતે પહોંચી વળીએ ?’’ આ પ્રશ્નનો જવાબ આ મંડળો છે. એક એક મંડળને યથોચિત રીતે ૧/૨/૩/૪ ફિલ્ડ્સ સોંપતા જવાય, તેમને પીઠબળ અપાય, તો મંડળોને કાર્ય પણ મળી રહે, તેના સભ્યોનો ઉલ્લાસ પણ વધે, સંઘના મહત્ત્વના કાર્યો પણ થાય, અગ્રણીઓને યશ પણ મળે.

મંડળ એ સંઘ સાથે જોડાવાનું માધ્યમ છે, આથી આગળ વધીને- મંડળ એ સંઘની અંતર્ગત જ વસ્તુ છે. આ ફીલિંગ્સ મંડળના સભ્યોમાં આવે તેવું સંઘ ઈચ્છતો હોય છે, તેનો ઉપાય આ છે. સંસારમાં આપણે અવસરે સહન કરી લેતા હોઈએ છીએ, સંબંધ બગાડતા નથી હોતા, તેવી રીતે મંડળ વગેરેની બાબતમાં પણ સમજવું જોઈએ. આપણે ઘડ્ દઈને સંબંધ બગાડી દઈએ, એનો અર્થ એ જ છે કે આપણને સંઘ સાથે આત્મીયભાવ નથી. એક બુક છે - My જિનશાસન. જેમાં આ વિષે અને બીજી પણ ઉપયોગી બાબતો છે.

# ☼ બેનર્સ ☼

સંઘમાં દેરાસર - ઉપાશ્રયની બહાર પ્રસંગોના બેનર્સ લગાડાતા હોય છે. એક દૃષ્ટિએ જોઈએ તો બહારના પ્રસંગ કરનારા ભાગ્યશાળી આ બેનરના માધ્યમે આપણા શ્રીસંઘને આમંત્રણ દેવા આવતા હોય છે. ઘણી વાર એવું બને છે કે એ બેનર લગાવવાની આપણે ત્યાં યોગ્ય જગ્યા જ નથી હોતી. આ એવી ઘટના છે કે એક વ્યક્તિ આપણને ભાવથી ઈન્વીટેશન દેવા આપણા ઘરે આવી છે, ને આપણે એને ઘરમાં પ્રવેશ સુદ્ધા આપ્યા વિના બહાર ઊભી રાખીને એની વાત સાંભળી રહ્યા છીએ.

**રાજસ્થાનના ઘણા સંઘોમાં આજે ય પ્રથા છે. કોઈ આમંત્રણ દેવા આવે એટલે પૂજારી/અન્ય માણસ ગામના બધા ઘરોમાં કહેવા જાય, શ્રાવકો આવે. ચાર જણ જાજમના ચાર છેડા પકડીને એમને માટે જાજમ બિછાવે, એમને સમ્માન આપે અને પછી આમંત્રણ પત્રિકા સ્વીકારે.**

આપણે વધુ કશું જ ન કરી શકીએ, તો એટલિસ્ટ એટલી વ્યવસ્થા તો કરવી જ જોઈએ કે બેનર લગાડવા આવનાર વ્યક્તિનો ચહેરો આવતાની સાથે ખીલી ઉઠે, ''લો, અહીં તો સરસ વ્યવસ્થા છે, અહીં કોઈ મહેનત જ નહીં કરવી પડે.'' સંઘ ફક્ત એક વાર પરમેનન્ટ સ્ટેન્ડ જેવી વ્યવસ્થા કરે, જેમાં હુક્સ હોય, બેનર સીધું લગાડી જ દેવાનું હોય, તો કાયમી ઉપયોગી બને. જ્યાં-ત્યાં, ગમે તેમ, લઘર-વઘર, મરણિયા બનીને લગાડવા પડતા બેનર્સ એટલું જ સૂચવે છે કે 'અમને તમારા આમંત્રણની કોઈ જ જરૂર નથી. અમે જુદા પ્રકારના માણસો છીએ, તમને ઊભા ય નહીં રહેવા દઈએ.' આપણો ભાવ આવો નથી જ. આપણે સજ્જન છીએ, તો આપણી વ્યવસ્થા પણ સજ્જન જેવી જ હોવી જોઈએ.

☼

# ☼ પોસ્ટર્સ ☼

પોસ્ટર્સની તુલનામાં બેનર્સ મોંઘા હોય છે. છતાં બેનર્સ જ પસંદ કરવા પડે છે, કારણ કે પોસ્ટર્સ ક્યાં લગાડવા એ બહુ મોટો પ્રશ્ન હોય છે. સ્કૂલ વગેરેમાં નોટિસ બોર્ડ હોય, તેમ જો આપણે સંઘમાં પણ એક નોટિસ બોર્ડ રાખીએ તો આ સમસ્યા જતી રહે. લાખો રૂપિયાનો બચાવ થાય, બેનર્સનો નિકાલ કરવો અઘરો પડતો હોય છે તે સમસ્યા પણ ન રહે, બેનર્સ બાંધવાની પળોજણો હોય છે, તે પણ ન રહે, નોટિસ બોર્ડ સાથે પિન્સ હોય, પોસ્ટર લગાડીને તે ખોસી દેવાય એટલે કામ પૂરું.

પ્રસંગ પત્યા પછી ય બેનર્સ ત્યાંના ત્યાં હોય છે, કેમ કે એમને કાઢવાની પણ ઉપાધિ હોય છે, પોસ્ટરને ચપટીમાં કાઢી શકાય, તેથી જે પ્રસંગ બાકી હોય તેની જ જાહેરાત થાય, જાહેરાતની વેલ્યુ સચવાય.

પ્રસંગ સિવાય પણ સંઘના વિવિધ કાર્યોની જાણકારી આપવા, વ્યાખ્યાનના મનનીય અંશોની લ્હાણી કરવા, પોસ્ટમાં આવતી આમંત્રણ પત્રિકા લગાડવા, શાસનના અનુમોદનીય સમાચારો લગાડવા - વગેરે વગેરેમાં પણ નોટિસ બોર્ડ ખૂબ ઉપયોગી થઈ શકે.

**આજે જરૂર એવી છે કે સંઘનું મીડિયાતંત્ર ખૂબ જ એક્ટીવ બને. ભૌતિકવાદની ઘોર નિદ્રામાં સૂતેલા લોકોને ઘરે ઘરે જઈને ઢંઢોળવા પડે, એવી આજની તાતી જરૂરિયાત છે. તો પછી જે મીડિયા ઉપરોક્ત રીતે સંઘના આંગણે જ શક્ય છે, ને જેમાં ફક્ત one time expense છે, તેમાં તો પાછા ન જ પડવું જોઈએ ને ?**

✺

## ✻ કદર ✻

ઘર કે ધંધા માટે આપણને જેમના જેમના કામ પડતા હોય, એમને આપણે પહેલાથી પૂજી રાખતા હોઈએ છીએ. તેમ સંઘની બાબતમાં પણ વિચારવું જોઈએ, છેવટે કામ કરનારાઓનું વર્ષમાં એક વાર સારી રીતે બહુમાન કરવું જોઈએ. જેમ કે -

(૧) સંઘનો સ્ટાફ

(૨) કાર્યકર્તા શ્રાવકો

(૩) મહાત્મા માટે ઉપયોગી બનતા ડોક્ટર્સ

(૪) સ્થાનિક પોલિસ ઈન્સ્પેકટર વગેરે

(૫) સંઘ માટે ઉપયોગી બની શકે તેવા લોયર્સ

(૬) સ્થાનિક મ્યુન્સિપલ કોર્પોરેશન/નગરપાલિકા વગેરેના હોદ્દેદાર

(૭) સંઘના વિસ્તારમાં રહેતી વિશિષ્ટ વગદાર વ્યક્તિ.

**યોગ્ય કદરથી સવેતન/અવેતન જૈન/અજૈન વ્યક્તિનો ઉલ્લાસ વધે છે. વ્યક્તિ ગમે તેટલું ના પાડે તો ય 'કદર'ની જરૂર તો પ્રાયઃ હોય જ છે. સંઘે આ ઔચિત્ય બિલકુલ ન ચૂકવું જોઈએ. આમાં ચૂકવું એટલે સંઘના કાર્યો બગાડવા અને આપત્તિ વખતે આપણે અસહાય થઈ જઈએ એવી ગોઠવણી કરવી.**

એક સંઘમાં અમારી સ્થિરતા હતી, મહાત્માને સખત તાવ ચઙ્યો. ઉપાશ્રયની સામે જ હોસ્પિટલ. શ્રાવકે કહ્યું, ''એ આવી જાય છે, કશું લેતા નથી, હું લઈ આવું છું...'' બીજા-બીજા પેશન્ટને જોવામાં ડો. ૨-૩ કલાક મોડા આવ્યા. વચ્ચે ૫ મિ. આવી શકત... પણ... (ડો. અજૈન હતા).

મેં શ્રાવકને કહ્યું, ''તમારે એમની પાસે મફ્ત કરાવવું જ ન જોઈએ. જેથી મહાત્મા ન સીદાય.'' છેવટે જો સંઘ વર્ષે એક વાર પણ સારી રીતે કદર કરે તો ય તેમના વર્તનમાં ફરક પડી જાય. આપણે ક્યાં આવા ખર્ચા ને વ્યવસ્થા કરવી ?'' જો આપણે એવું વિચારીએ છીએ, તો સંઘનું સીદાવું નક્કી છે.

# ☼ આયંબિલ ખાતું ☼

છેલ્લા કેટલાક વર્ષોથી સંઘમાં આયંબિલ ખાતાનું સારું મહત્ત્વ પ્રતિષ્ઠિત થયું છે. જેથી આયંબિલખાતું ન હોય તો કંઈક ખામી છે તેવું લાગે. લોકોની ય એવી લાગણી હોય કે આયંબિલ ખાતું ચાલુ થઈ જાય તો સારું. થોડું-ઘણું દાન આપનારા ય મળી આવે. આયંબિલ ખાતું ચાલુ થઈ જાય. લગભગ એ તોટામાં ચાલે, પર્યુષણમાં એના તોટા પૂરા કરવા ખૂબ ભાર મૂકવો પડે. ગુરુ ભગવંતો પણ કલ્પસૂત્રને થોડું ગૌણ કરી એની પ્રેરણા કરવાની પોતાની ફરજ નિભાવે. જાહેરાત કરનારને-ફંડની ટહેલ નાંખનારને પૂરતો સમય આપે. છેલ્લા દિવસ સુધી વ્યાખ્યાનમાં આ અને બીજા કારણોસર જિનવાણીમાં કાપ મુકવો પડે. લોકોનો ય ઉલ્લાસ તૂટે.

**મહત્ત્વનો પ્રશ્ન એ છે કે શું આ બધું અનિવાર્ય છે ? પ્રાયોરિટી-વાઈસ જોઈએ તો પ્રવચનનું ઈમ્પોર્ટન્સ વધુ ? પાઠશાળાનું ઈમ્પોર્ટન્સ વધુ ? સંઘમાં વિવિધ જ્ઞાનવર્ધક પરીક્ષાદિ આયોજન થાય એનું ઈમ્પોર્ટન્સ વધુ ? કે આયંબિલખાતાનું ઈમ્પોર્ટન્સ વધુ ?**

બધું થાય તો સારી વાત છે, પણ અમુક જ થાય એમ હોય તો શું કરવું ? સકળ સંઘમાન્ય એક ગચ્છાધિપતિશ્રી એક સંઘમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં પ્રવચન હોલ મોટો કરવાની ખૂબ જરૂરિયાત હતી, આયંબિલ હોલ એનાથી દોઢો હતો, પ્રવચનહોલ મોટો કરવા જતા તે હોલ નાનો થઈ જાય તેમ હતું. પૂજ્યશ્રીએ પ્રવચનમાં સ્પષ્ટ ફરમાવ્યું, ''આયંબિલ ખાતું નાનું હશે તો ચાલશે, નહીં હોય તો ય ચાલશે, લોકો ઘરે આયંબિલ કરશે. પણ પ્રવચનહોલ મોટો હોવો જોઈએ.'' મેં પોતે આ શબ્દો સાંભળ્યા છે. વિચારવાની વસ્તુ એ છે - આયંબિલખાતું પ્રવચનહોલને ટૂંકાવે એ ન ચાલે, તો શું એ પ્રવચનને ટૂંકાવે એ ચાલે ?

✺

## ⁕ કાયમી – આયંબિલખાતું ⁕

એક સંઘમાં મારી સ્થિરતા હતી. ચૈત્રી ઓળીનું નિમિત્ત હતું. અગ્રણીઓની વિનંતી હતી - વ્યાખ્યાનમાં આયંબિલખાતાની પ્રેરણા કરવા માટે. મેં પ્રેરણા કરી.

મને જાણવા મળ્યું કે સંઘમાં રોજ ૩-૪ આયંબિલ થાય છે. ઘાટ કરતા ઘટામણ મોંઘું થાય. આયંબિલની એક ડીશ ૧૫૦ રૂા.ની પડે. મેં શ્રાવકોને અંગત રીતે પૂછ્યું, ''૧૫૦ રૂા. ભરીને આયંબિલ કરવાનું હોય તો ?'' મને કહે, ''અમે ઘરે આયંબિલ કરી લઈએ.'' આપણે સમજદાર છીએ, ૮-૧૦ આઈટમ વધારે ખાવા મળે, તૈયાર વ્યવસ્થા મળે, માટે ૧૫૦ રૂા. ભરી આયંબિલ કરવું એ મોંઘું પડે, એના કરતા ઘરે ૩-૪ આઈટમ પેટ ભરીને વાપરી લેવી સારી. વાત સાચી પણ છે. લાખ રૂા.નો પ્રશ્ન આ છે કે શું સંઘ-લેવલે આ વિચાર ન કરવો જોઈએ ? ૧૫૦ રૂા.ની ડીશ જો આપણને ન પરવડે, તો શું સંઘને પરવડે ? પછી તોટાના ખાડા ઊંડા જાય ને પ્રવચન ટૂંકાવીને એ ખાડો પૂરવા મથવું પડે અને આ બધી તકલીફમાં 'પાઠશાળા'નો તો છેલ્લો નંબર પણ ન રહે.

**કાયમી આયંબિલખાતાનો મહદંશે અર્થ થાય છે કાયમી તોટા. જે સોદો આપણને અંગત રીતે મોંઘો લાગે છે, એ સોદો સંઘના નામે કરતા પણ ગંભીર રીતે વિચારવાની આપણી ફરજ નહીં ? આયંબિલ કરનારા મોટી સંખ્યામાં હોય, તો ય ૧૦૦ રૂા.ની ડીશ તો થતી જ હોય છે. શું કોઈ વ્યક્તિ એટલા રૂા. ભરીને પણ આયંબિલ કરવા તૈયાર થશે ખરી ? અને મોટા ભાગે તો આયંબિલ કરનારા ઓછા જ હોય છે. એટલે ખર્ચ ૧૦૦ રૂા.થી ઉપર જ જવાનો છે.**

⁕

# ☼ આયંબિલખાતું – ઈતિહાસ ☼

૧૦૦ વર્ષ પહેલા આયંબિલખાતા ન હતા, ઉકાળેલું પાણી સુદ્ધા ઘરે ઘરેથી જ વહોરવાનું હતું. આ બધી વસ્તુ છેલ્લા ૧૦૦ વર્ષમાં ધીમે ધીમે ચાલુ થઈ. આપણે સગવડોથી ટેવાતા ગયા, છેવટે આ બધું જરૂરિયાત બની ગયું. તેમાં ય ઉકાળેલા પાણીમાં ફક્ત ગેસનો ખર્ચો છે. આયંબિલખાતામાં બીજા પણ અઢળક ખર્ચા છે. સાધારણખાતા પર આવો ભાર ન હતો, ત્યારે આવા તોટા, આટલા ફંડ-ફાળા, આટલી પર્યુષણના પ્રવચનોની કપાત - આવું બધું ન હતું. **સંઘમાં જ્ઞાનના સ્રોતો ઓછા થાય અને સંઘની છાપ 'ફંડ-ફાળા કરનાર' તરીકે પડે અને પર્યુષણના આઠ જ દિવસ જિનવાણી સાંભળવા આવનાર વ્યક્તિ સંઘ પ્રત્યેના બહુમાનની ઓટ લઈને પાછો જાય એવી પરિસ્થિતિનું સર્જન આપણા નવા ખર્ચાઓએ કર્યું છે. ત્યારે આ નવા ખર્ચા કરવા કે નહીં એનો મધ્યસ્થતાથી વિચાર કરવો જોઈએ.**

પહેલાના કાળમાં ઘરે જ આયંબિલ થતા. તે સમયે સંઘના માથે આયંબિલખાતાનો ખર્ચ શૂન્ય હતો. જે આજે કરોડોના મકાનથી માંડીને લાખોના નિભાવ ખર્ચ સુધી પહોંચ્યો છે. જેના માટે માંગી માંગીને ટીપ કરવી પડે, એવી સંસ્થામાં સુખી-સંપન્ન શ્રાવકો વિના મૂલ્યે વાપરે આમાં ઔચિત્ય જળવાતું નથી. છેવટે તેઓ ટીપ લખાવી પણ દે, તો ય સંઘ તોટામાં રહે છે અને ટીપ માટે હાથ લંબાવવામાં ય સંઘની આબરુ તો ઓછી થાય જ છે. આપણા લાખો વર્ષના પ્રાચીન ઈતિહાસમાં આવું થતું ન હતું.

✺

# ☼ આચંબિલ – સગવડ ☼

આયંબિલ કરનારાઓને તૈયાર સગવડ મળે, અનેક આઈટમ્સ મળે, એનાથી આયંબિલ કરનારા વધે એ વાત સાચી છે. આ રીતે વર્ષીતપ, નીવિ, એકાસણા, બિયાસણા, ચોવિયાર વગેરેની બાબતમાં પણ વિચારાય તો તે તે તપમાં ને ચોવિયારમાં જરૂર વૃદ્ધિ થાય. છતાં આપણે તે તે વ્યવસ્થા ઊભી કરતા નથી કારણ કે સંઘને તે દરેકના તોટા સહન કરવા પડે. તે રીતે આયંબિલની બાબતમાં પણ કેમ ન વિચારાય ? 'નહીં તો આયંબિલ ઓછા થઈ જશે.' આ દલીલ તો બીજી બાબતોમાં ય સમાન છે.

મહાત્માઓની આયંબિલની સગવડનું શું ? આનો જવાબ એ છે કે લોકો ઘરે ઘરે આયંબિલ કરતા થઈ જશે એટલે મહાત્માને પણ આયંબિલની ગોચરી મળવાની જ છે. ગત ચૈત્રી ઓળીમાં - લોકડાઉનમાં આ જ રીતે લોકોએ અને મહાત્માઓએ આયંબિલ કર્યા હતા. વિહારોમાં મોટા ભાગના સ્થાનોમાં આયંબિલખાતા હોતા નથી. શહેરમાં પણ દરેક સ્થાને આયંબિલખાતા હોતા નથી. ત્યાં પણ મહાત્માઓ આયંબિલ કરતા હોય છે. મહાત્માઓ પોતાના માટે આયંબિલખાતુ ખોલવા કહેતા નથી કે ફરિયાદ પણ કરતા નથી. ઉલ્ટુ ગૃહસ્થોના આયંબિલ ઓછા હોય અને મહાત્માઓના વધારે હોય, એનાથી સંકોચ અને દુઃખ અનુભવે છે તથા દોષિત ગોચરી થવાથી પ્રાયશ્ચિત્ત કરે છે. **પૂ.ભદ્રસૂરિજી મ.ના શિષ્ય પૂ.પં.ચરણવિજયજી મ. કહેતા હતા કે ''હવે ભાત-પાણીનો લાભ દેજોજી - એવું કહેવાના બદલે શ્રાવકોએ એવું કહેવું જોઈએ કે - ભાતનો લાભ આપજોજી પણ આયંબિલ માટે આયંબિલ ખાતે તથા પાણી માટે ઉકાળેલા પાણી ખાતે જજોજી.''**

☼

# ☼ આચંબિલ – ઓપ્શન્સ ☼

આયંબિલખાતું રાખવું જ એવો પણ એકાન્ત ન રાખી શકાય અને આયંબિલખાતું ન જ રાખવું એવો પણ એકાન્ત ન રાખી શકાય. મૂળમાર્ગ અને પરંપરાને સમજીએ, શાસ્ત્ર અને લાભાલાભને સમજીએ અને વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમજીએ - પછી આ બધાના સમન્વયથી ઉચિત નિર્ણય લઈ શકાય - જેમાં આવા ઓપ્શન્સ હોઈ શકે.

(૧) લાભાર્થી હોય - સંઘે ગોતવા જવું પડે તેમ ન હોય - તો ચૈત્ર અને આસો માસની નવપદની ઓળી સામુદાયિક કરાવવી.

(૨) ઉપરોક્ત અનુકૂળતા હોય તો પાંચ તિથિ આયંબિલ પણ સામુદાયિક કરાવવા.

(૩) ઉપરોક્ત અનુકૂળતા હોય, ટીપ માટે પ્રવચનાદિનો આશરો ન લેવો પડતો હોય, સંઘ ખૂબ સમૃદ્ધ હોય ને સહજ વ્યવસ્થા થઈ જતી હોય તો કાયમી આયંબિલખાતું કરવું. પણ એમાં ય એક વિવેક રાખવો ઘટે કે આયંબિલ-રસોડા ખાતે જે ખર્ચ કરીએ તેના કરતા અનેકગણો ખર્ચ જિનવાણીના સમ્યક્ પ્રસાર માટે કરવો જોઈએ. **ધારો કે આયંબિલખાતાનો વાર્ષિક ખર્ચ ૫ લાખ રૂા. છે તો ૨૦-૨૫ લાખ રૂા.નો ખર્ચ પાઠશાળા, બાળશિબિર, જ્ઞાનસત્રો, પુસ્તક પરીક્ષા વગેરે પાછળ કરવો જોઈએ, ગુરુ ભગવંતોના પ્રવચનોની સારી જાહેરાત, સારું આયોજન વગેરે થાય એના માટે કરવો જોઈએ. જો એ બધું સીદાતું હોય, નહીંવત્ હોય, ઉપેક્ષિત હોય, બિનજરૂરી લાગતું હોય અને કોઈ પણ રીતે કાયમી આયંબિલખાતું ચાલવું જ જોઈએ, એવો આપણો આગ્રહ હોય, તો આપણે ફંટાઈ ગયા છીએ એમ સમજવું જોઈએ.**

☼

# ☼ આયંબિલ ભવન ☼

આયંબિલ અને પાઠશાળા એ બંને વિરુદ્ધ વસ્તુ છે કે પરસ્પર પ્રતિસ્પર્ધિ છે એવું નથી, પણ જ્યારે સાધારણખાતાની ક્ષમતા સીમિત હોય ત્યારે બંનેને ન્યાય આપી શકાતો નતી. એકનું બરાબર પૂરું કરવા જતા બીજું ભૂખ્યું રહી જાય એવું થવાનું જ છે.

પાઠશાળા ભૂખી રહે એમાં અગ્રણીઓનો જ દોષ છે એવું પણ નથી, કારણ કે જિનવાણીનો પ્રસાર એ વિશેષથી ઉપેક્ષિત ક્ષેત્ર બનેલું છે, આયંબિલખાતાની જેવી માંગ છે, એની જેવી જરૂરિયાત અનુભવાય છે, એવી જિનવાણીની જરૂરિયાત અનુભવાતી નથી. આ બધો માહોલ જોઈને અગ્રણીઓ પણ તે રીતે જ વ્યવસ્થા કરે એ સહજ છે.

**છતાં ય વાસ્તવિકતા તો વાસ્તવિકતા જ રહે છે કે મહાન, આવશ્યક અને અનિવાર્ય ક્ષેત્ર તો જિનવાણીનો પ્રસાર જ છે. અગ્રણીઓની ફરજ લોકોની માંગ પૂરી કરી દેવાની જ નથી, પણ એમને સાચી સમજણ આપી એમના આત્મહિત માટે જે અનિવાર્ય વસ્તુ છે, તે આપવાની છે.**

પાઠશાળા કઈ રીતે ગૌણ બને છે, જિનવાણીનો પ્રસાર કઈ રીતે ઉપેક્ષિત બને છે એનું સ્પષ્ટ ઉદાહરણ આયંબિલભવન છે. પાઠશાળાનું પ્રાયઃ કોઈ મકાન હોતું નથી, એ વ્યાખ્યાન હોલમાં કે દેરાસરની પરસાળમાં કે પેઢી રૂમમાં સુદ્ધા ચાલતી હોય છે. પાઠશાળા આયંબિલભવનમાં બેસતી હોય એવા ઘણા દાખલા છે. આયંબિલખાતાનો કોઈ જ વિરોધ નથી, એ ભલે ચાલે, પણ જ્યારે પાઠશાળાભવનમાં આયંબિલ કરવા બેસવાનું હશે, ત્યારે આપણે 'જિનવાણી'ની ખરી ગરિમા સમજ્યા હોઈશું.

☼

# ✳ પર્યુષણ ✳

અગ્રણીની દૃષ્ટિએ પર્યુષણ એટલે આખા વર્ષના નિભાવાદિ માટે ઉપજ કરવાનો - ટીપ કરવાનો સમય. લોકો ધર્મભાવનાથી આ જ દિવસોમાં દેરાસર આવે ત્યારે દેરાસરમાં પણ વિવિધ આર્થિક પ્રેરણાઓ મળે અને પ્રવચનમાં પણ મોકાના સમયે ટીપનું જ કાર્ય કરવાનું હોય.

અગ્રણીનો કોઈ દોષ નથી. તે કાંઈ પોતાના ઘર માટે ટીપ નથી કરતા, સંઘ માટે જ કરે છે, પણ આ ટીપ એવી રીતે કરવી જોઈએ જેનાથી સંઘની ઈમેજ ન બગડે. આપણને ખબર જ છે કે આ રીતે લોકોને - એમનો મિસ-યુઝ કરવામાં આવતો હોય, એ જુદા પર્પસથી આવ્યા હોય ને એમને જુદા પર્પસથી પકડવામાં આવતા હોય - એવી ફીલિંગ્સ થાય છે, આના પરિણામો આ મુજબ છે.

**(૧) અગ્રણીઓનું ડિવેલ્યુએશન થાય છે.**

**(૨) સંઘનું ડિવેલ્યુએશન થાય છે.**

**(૩) પ્રવચન-સભા તૂટે છે.**

**(૪) લોકો યા વચ્ચેથી ઉઠી જાય યા આવે જ નહીં તેવું થાય છે.**

**(૫) ગૃહસ્થની વ્યાખ્યાનમાળાઓ અને તેમના દ્વારા ફેલાતો ઉન્માર્ગ પોસાય છે.**

**(૬) જિનશાસનની મૂળ પરંપરા પર કુઠારાઘાત થાય છે.**

**(૭) આઠ દિવસની છાપ બારે માસની છાપ બને છે.**

**(૮) છેવટે સંઘ તૂટતો જાય છે.**

શું કરવું ? એના ઘણા રસ્તા છે. પણ આ રીતે તો નથી જ કરવું, હરગીઝ નથી કરવું. એ પહેલા નક્કી કરવું પડશે. પછી જ બીજા રસ્તા ઉપયોગી થઈ શકશે.

વાંચી શકાય : બુક - **સ્વપ્ન જિનશાસન,**
ચેપ્ટર - **સ્વપ્ન પર્વાધિરાજ, કાલે કાલં સમાયરે**

✳

## ⁕ ફંડ – સોલ્યુશન ⁕

(૧) શાસ્ત્રીય રીતે સાધારણ ખાતાનું મહાત્મ્ય સમજાવતો શોર્ટ-સ્વીટ પરિપત્ર - એક કે બે પાના સંઘના દરેક ઘરે મોકલવામાં આવે, જેથી તેનો લાભ મહાન છે અને ઉત્કૃષ્ટ છે એ સૌના મનમાં ઠસે.

**(૨) આને દાન ન કહેવાય પણ એક જાતનો ઘરખર્ચ કહેવાય. ધર્મસ્થાનો દ્વારા આપણને અઢળક વળતર મળે છે, આ આપણો જ અંગત ખર્ચ છે. આ વાત ઠસાવાય.**

(૩) સંઘનો દરેક પરિવાર યથાસંભવ આવકના બે થી પાંચ ટકા સંઘના સાધારણખાતામાં આપે એ એમની નૈતિક ફરજ છે એમ સમજાવાય.

**(૪) સુકૃતવલ્લી જેવી યોજના હોય, જેમાં સંઘની સ્થિતિ અનુસાર ૫૪૦૦/૬૩૦૦/૭૨૦૦ ની એક આને લેખે આની લખવાની હોય. આ આનીમાંથી સંઘના વિવિધ ક્ષેત્રોમાં જે રીતે ફાળવણી કરવાની હોય, તે પહેલાથી જાહેર કરાયું હોય.**

(૫) એક ફોર્મ સંઘના દરેક ઘરે મોકલાય જેમાં જુદા જુદા ખાતા માટે સ્વૈચ્છિક રીતે રકમનો આંકડો લખી દાન આપવાનું હોય.

સંઘના અગ્રણીઓ, કાર્યકરો વગેરે એ ટીમ વર્ક કરી દરેક ઘરે ઉપરોક્ત સમજૂતી પહોંચાડી રુબરુ જઈ ફોર્મ, આની વગેરે પરત મેળવવું જોઈએ. ફક્ત ૨૫ વ્યક્તિ રોજ ફક્ત ચાર ઘરે જાય તો ફક્ત ૧૦ દિવસમાં ૧૦૦૦ ઘર કવર થઈ જાય, આ બધું પર્યુષણ પહેલા જ પતી જાય એટલે ફંડના નામોનિશાન વગર પ્યોર જિનવાણીની ધારા સાથે A1 પર્યુષણ થાય. અથવા પર્યુષણના બે દિવસ પહેલા સુધીની મુદત આપી હોય, ત્યાં સુધીમાં જે પોતે ન ભરી જાય એમની જ રૂબરૂ મુલાકાત લેવાય. આ રીતે સંઘ-અગ્રણી-સિસ્ટમ-પર્યુષણ બધું જ અનુમોદનાપાત્ર બનશે.

⁕

# ✻ ઝગડા – સોલ્યુશન ✻

એક સંઘમાં ઝગડો હતો, સુશ્રાવક કુમારપાળભાઈ વિ. શાહ પાસે તેઓ માર્ગદર્શન લેવા માટે આવ્યા. કુમારપાળભાઈએ તેમને પૂછ્યું કે ‘‘તમારા સંઘમાં કેટલી આવક છે ?’’ જવાબ મળ્યો, ‘‘૩ કરોડ રૂ.’’ કુમારપાળભાઈએ કહ્યું, ‘‘એ બધું ખાલી કરી નાંખો એટલે ઝગડા નહીં રહે.’’

પૈસો એ ઝગડાનું મૂળ છે. ખુરશીની મારામારીનું મૂળ પૈસો છે. પૈસો ન હોય તો બધી મગજમારી પૂરી થઈ જાય. જેમને સેવા કરવી છે તેઓ જ આગળ આવે. ભાવ પણ શુદ્ધ રહે. પૈસા ભલભલાના માથા ખરાબ કરી દે છે.

**એક બાજુ જિનશાસનના સેંકડો કાર્યો સીદાતા હોય, યા અટકી પડ્યા હોય, યા ખોટકાતા હોય, યા ચાલુ જ ન થતા હોય, ને બીજી બાજુ સંઘના પૈસા તે કાર્યોમાં ઉપયોગી થવાને બદલે ઝગડામાં જ ઉપયોગી થતા હોય, એ કેવું !**

શ્રેષ્ઠ સંઘ એ છે, જે જરૂર પૂરતું સાધારણ ફંડ રાખીને બાકીનું બધું જ ફંડ તે તે ખાતાના કાર્યોમાં ઉચિત રીતે વાપરી દે. જીવદયાની બેલેન્સ એ સંઘ માટે શરમની વાત છે. દેવદ્રવ્યની FD એ શાસ્ત્રીય રીતે ને વ્યવહારિક રીતે બંને દૃષ્ટિએ અનુચિત છે. જ્ઞાનદ્રવ્ય બેન્કને જ કામ લાગે એ બહુ મોટી ભૂલ છે. બેંક ખોટી જગ્યાએ તે પૈસો આપે તેનાથી અગ્રણીનો આત્મા ભવસાગરમાં ડુબે છે. શાસ્ત્રો એવા અગ્રણીને મોહાધીન અને અજ્ઞાની કહે છે.

**जिणवरआणारहियं वद्धारंता वि केई जिणदव्वं ।**
**बुड्डंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ।।**

✻

# ✻ પાર્ટિશન ✻

પ્રવચનમાં ભાઈઓ અને બહેનો બંને બેસતા હોય છે. આપણી પરંપરા મુજબ મિશ્ર સભા તો ન જ ચાલે, પરસ્પર દષ્ટિ પડે તેવી રીતે પણ ન ચાલે. આ માટે પાર્ટિશનની જરૂરિયાત રહે છે. આ માટે અમુક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

(૧) પાર્ટિશન હોય જ નહીં એવું ન ચાલે.

(૨) હોય પણ સાવ નાના હોય, જેનાથી પરસ્પર દષ્ટિ પડે, એવું પણ ન ચાલે.

(૩) મોટા હોય પણ એમાં સળિયા કે જાળી જ નાંખેલા હોય, જેથી સંપૂર્ણ આડાશ જેવું ન થાય અને પરસ્પર દષ્ટિ પડે જ, એવું પણ ન ચાલે.

(૪) એવા સપ્રમાણ અને સંપૂર્ણ આડશ થાય એવા પાર્ટિશન્સ હોવા જોઈએ, જેનાથી બેસી ગયા પછી કોઈ પણ વ્યક્તિ બીજી સાઈડ ન જ જોઈ શકે.

(૫) આવા પાર્ટિશનમાં સરસ સુવાક્યો પણ લખી શકાય, જેનું સારું ઉદાહરણ જૈન સોસાયટી સંઘ - અમદાવાદમાં છે.

**પ્રવચનમાં આવનાર પુણ્યાત્માઓ પરસ્પર જોવા માટે નથી આવતા હોતા, જિનવાણી માટે જ આવતા હોય છે. છતાં પણ બાળજીવ હજી વિક્ષિપ્ત દશામાં હોય, તેનું મન હજી એવું સ્થિર ન થયું હોય, એ સ્થિતિમાં પાર્ટિશન હોય તો એ એકાગ્રતાપૂર્વક સાંભળી શકે, પાર્ટિશન ન હોય તો એને ચંચળતા પજવે, જિનવાણીમાં એનું મન બરાબર ઠરે નહીં. વર્ષોથી સંઘમાં યા પાર્ટિશન હોય જ નહીં ને યા મજાક જેવું પાર્ટિશન હોય એવું બિલકુલ ન ચાલે. ફક્ત એક જ વાર વસાવીને વર્ષોના વર્ષો સુધી પાર્ટિશન વાપરી શકાય છે. પ્રવચન હોલનું તે જરૂરી ઉપકરણ છે, તે વસાવવામાં વિલંબ ન કરવો જોઈએ.**

✻

# ✻ ખાસ વાંચશો ✻

| | | |
|---|---|---|
| (૧) | **ધાર્મિક વહીવટ વિચાર** | - શાસ્ત્રીય માર્ગદર્શન |
| (૨) | **વરઘોડામાં જતા પહેલા** | - સ્પેશિયલ ટિપ્સ |
| (૩) | **ટેસ્ટ જૈનીઝમ** | - જૈન ધર્મનું નાનું પાઠ્યપુસ્તક |
| (૪) | **આજ્ઞાયોગ** | - જિનાજ્ઞા - માહાત્મ્ય |
| (૫) | **સ્વપ્ન જિનશાસન** | - ભવિષ્યનું સ્વર્ણિમ નિર્માણ |
| (૬) | **લાઈફ કોર્સ** | બેઝિક જૈનીઝમથી માંડીને ટ્રસ્ટી, સ્વામિવાત્સલ્ય, વરઘોડો, અનુકંપા વગેરે અઢળક વિષયો પર માર્ગદર્શન |
| (૭) | **સ્પીરિચ્યુઅલ કોર્સ** | |
| (૮) | **પ્રેકટીકલ કોર્સ** | |
| (૯) | **ડિવાઈન કોર્સ** | |
| (૧૦) | **તપ** | - તપ અને પારણાની શોર્ટ-સ્વીટ ગાઈડ |
| (૧૧) | **ડ્રેસ ગાઈડ** | - દરેક જિનાલયે લગાવવા જેવા ૫ બેનર્સ |
| (૧૨) | **જ્ઞાનસ્વામિવાત્સલ્ય** | - જાદુઈ પરિવર્તનનો ઉપાય |
| (૧૩) | **વર્કશોપ** | - જ્ઞાનસત્રો ગાઈડન્સ |
| (૧૪) | **પારિષ્ઠાપનિકા-સેટ** | - ૮ પુસ્તિકાઓ - ૩ પેમ્ફલેટ્સ |
| (૧૫) | **ચમત્કારોની દિલધડક દાસ્તાન** | - શ્રદ્ધા સોપાન |
| (૧૬) | **પ્રેઝન્ટ ફિલોસોફી** | - નવા પંથો આગમના દર્પણમાં |
| (૧૭) | **હેપી પર્યુષણ** | - પરિચય અને પરિણતિ |
| (૧૮) | **લેટ મી સે** | - અગનવર્ષા |
| (૧૯) | **My જિનશાસન** | - આત્મીયતાનો અંતઃસ્પર્શ |
| (૨૦) | **જિનાલય** | - ફક્ત થોડા સાઈન બોર્ડસ્ અને કાયાપલટ |
| (૨૧) | **ઉપાશ્રય** | - નિર્માણ-નિભાવ સ્પેશિયલ ટિપ્સ |
| (૨૨) | **જ્ઞાનભંડાર** | - ટિપ્સ |
| (૨૧) | **ચાલો જિનાલયે જઈએ** | - ટોટલ ગાઈડન્સ |
| (૨૨) | **રિસર્ચ ઓફ ડાયનિંગ ટેબલ** | - ભક્ષ્યાભક્ષ્યાદિ સ્પેશિયલ ગાઈડ |
| (૨૩) | **શ્રાદ્ધવિધિ** | - શુદ્ધ શ્રાવક જીવન |
| (૨૪) | **લવ યુ ડોટર** | - દીકરી લાઈફ કોર્સ |
| (૨૫) | **મિશન સંસ્કાર** | - રેડી પ્લાન |

**ફ્રી ઈ-બુક - ahoshrut.bs@gmail.com**

# ☼ શ્રીસંઘ – માસિક ☼

સંઘના પ્રાયઃ ૧% બાળકો પણ પાઠશાળા નથી આવતા. પ્રાયઃ ૫% લોકો ય વ્યાખ્યાનમાં નથી આવતા, પૂજા કરવાવાળા કરતા નહીં કરવાવાળા વધારે હોય છે. દર્શન પણ બધા નથી કરતા. કરે છે તેઓ પણ સંઘના મુખ્ય દેરાસરે જ કરે, તેવું નથી હોતું, જન્મવાંચનમાં, સંવત્સરી પ્રતિક્રમણમાં કે સંઘસ્વામિવાત્સલ્યમાં પણ અમુક ટકા વર્ગ નથી આવતો.

આ બધો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે સંઘનો મોટો ભાગ મોટે ભાગે સંઘથી વિખૂટો હોય છે. એમાં પણ ભગવાનના શાસનને સમજનારા જિનવાણીને પામનારા લોકો તો તદ્દન જૂજ હોય છે, એમાં પાછા કોરોના જેવા કારણે રહ્યું-સહ્યું ય પડી ભાંગ્યું હોય, ત્યારે આખી પરિસ્થિતિ તીવ્ર ચિંતાપ્રેરક બને છે.

આ સ્થિતિમાં એક સારો ઉપાય છે - શ્રીસંઘ-માસિક. શ્રીસંઘ તરફથી દરેક ઘરે માસિક જાય, જેમાં ગુરુ ભગવંતોના પ્રેરણાત્મક લેખો હોય. **વાર્તા દ્વારા સંસ્કરણ કરતો બાળવિભાગ હોય. શાસનરાગ જગાવતો યુવા-વિભાગ હોય, જમાનાના ઝેર ઉલેચતો કિશોરવિભાગ હોય, સંસ્કૃતિ અને મર્યાદાનો પ્રેમ જગાવતો કન્યાવિભાગ હોય, ભક્ષ્યાભક્ષ્ય વગેરે સમજાવતો શ્રાવિકાવિભાગ હોય, આત્મદૃષ્ટિને ઉઘાડતો વૃદ્ધવિભાગ હોય, સેવાભાવ માટે પ્રેરતો પ્રૌઢ વિભાગ હોય.** આ રીતે સંઘના દરેક ઘરે દરેક વ્યક્તિ સુધી પહોંચી શકાશે, સંઘની વિશિષ્ટ આરાધનાઓની અનુમોદના થશે, સંઘની પ્રવૃત્તિઓને વેગ મળશે. પોસ્ટેજ સાથે નિઃશુલ્ક આપવાથી સંઘની કોઈ વ્યક્તિ બાકાત નહીં રહે અને સંઘ સાથે જોડાઈ રહેશે.

✳

## ✻ Q & A ✻

**પ્રશ્ન :**

**આ બધા કોન્સેપ્ટ્સ સારા છે**
**અમલમાં લાવવા જેવા ય છે**
**પણ**
**અમે પહોંચી શકીએ તેમ નથી.**
**તો શું કરવું ?**

**ઉત્તર :**

દરેક અગ્રણી ત્રણ-ચાર કોન્સેપ્ટની જવાબદારી લે.
ત્રણ-ચાર યોગ્ય વ્યક્તિ/મંડળને એક એક વસ્તુ સોંપે
નાની વસ્તુ વ્યક્તિને સોંપે.
મોટી વસ્તુ મંડળને સોંપે.

**અગ્રણી**
**ફક્ત તેમને જરૂરી સગવડ આપે**
**અને વર્ષમાં એક/બે વાર તેમનું સારી રીતે બહુમાન કરાવે.**
**બસ,**
**તે તે વિષયમાં બીજું કાંઈ ન કરે,**
**તો ય ચાલે.**

જો આ રીતે કરો
તો પહોંચવાનો સવાલ જ નથી આવતો.
આમ પણ
એક વ્યક્તિ કેટલી જગ્યાએ
પહોંચી શકે ?

**પ્રશ્ન :**

**અમે કોઈ આવી સંઘ-શાસનની**
**સંવેદનાથી અગ્રણી બન્યા નથી.**
**આપની વાત તો બધી સાચી હશે,**
**પણ અમને એવો ઉલ્લાસ નથી.**
**તો અમે શા માટે**
**આ બધામાં પડીએ ?**

**ઉત્તર :**

અગ્રણીત્વનો અર્થ જ સંઘ-શાસન પ્રત્યેની
વિશિષ્ટ સંવેદના છે.
તેના વિના અગ્રણીત્વ ફક્ત 'નામનું' રહે છે
જેનાથી આપણી શોભા નથી રહેતી,
પુણ્ય નથી રહેતું
કીર્તિ નથી રહેતી
અને ગૌરવ પણ નથી રહેતું.
આપણને કદાચ બીજો કોઈ જ ઉલ્લાસ ન હોય,
તો ય સુખી થવાનો તો ઉલ્લાસ
છે જ ને ?
તો એનો ઉપાય પણ આ જ છે.
**પદ પર આરૂઢ થઈને**
**સંઘ-શાસનના ઉત્કર્ષ માટે પુરુષાર્થ ન કરવો**
**એ દુઃખનો રસ્તો છે.**
**એના માટે બધી જ શક્તિ લગાડી દેવી**
**એ આ ભવ અને પરભવમાં**
**પરમ સુખી થઈ જવાનો રસ્તો છે.**
આ આખી બુક હકીકતમાં આપના સુખનો જ ઉપાય છે.
જેની ઈચ્છા આપને ઓલરેડી છે જ.

# ❊ છેલ્લી વાત ❊

હમણા સુધીની વાત આપના ને સંઘના માટેની હતી.
હવે વાત છે આપના સંતાનો માટેની.
ભલે આપ બહાર કદાચ દાન ઓછું-વત્તું આપો.
પણ એક દાન - આપના દીકરા - પૌત્ર વગેરે માટે જરૂર આપો.
એ મહાત્મા પાસે સામાયિક કરવા જાય
તો એને ૧૦૦૦ રૂા. પ્રભાવના આપી દો.
એ સંસ્કાર શિબિરમાં જાય
તો એને ૧૦,૦૦૦ રૂા. ઈનામ આપી દો.
તમારા પછી તમારા પદે કદાચ તમારો દીકરો આવશે.
જો એને ધર્મનું કશું જ્ઞાન જ નહીં હોય
જો એ સાવ નાસ્તિક જેવો હશે,
તો એ એના અગ્રણીત્વને લજવશે.
એના આત્માને ય પારાવાર નુકશાન થશે,
અને સંઘને ય પુષ્કળ નુકશાન થશે.

**અરે,**
**જો તમારે તમારા ઘરે દારૂ ન જોવો હોય,**
**જો તમારે દીકરીને વિધર્મીના ઘરે બેઠેલી ન જોવી હોય.**
**જો તમારે**
**તમારા જ સંતાનો દ્વારા**
**હડધૂત ન થવું હોય,**
**જો તમારી પાછલી જિંદગી પસ્તાવામાં ન કાઢવી હોય,**
**તો જેટલો ખર્ચો સ્કૂલ ખાતર કરો છો**
**એટલો જ કે એથી ય વધારે**
**સંતાનોના સંસ્કરણ ખાતર કરજો.**

એ જ પરમ
સુખ-શાંતિનો ઉપાય છે.

અહીં કહેલી કોઈ પણ વાતથી
આપને લેશ પણ મનદુઃખ થયું હોય કે
પરમ તારક શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય
તો મિચ્છામિ દુક્કડમ્.

આસો. (૨) સુદ ૭, વિ.૨૦૭૬,
શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ.

✳

**सर्वसुखसमादानं, सर्वदुःखविनाशनम् ।**
**सर्वजीवहितं वन्दे, पावनं जिनशासनम् ।।**

સઘળા સુખોના આપનારા વંદુ જિનશાસન તને,
સઘળા દુઃખોના કાપનારા વંદુ જિનશાસન તને;
સઘળા જીવોના તારનારા વંદુ જિનશાસન તને,
સઘળા ગુણોના ધારનારા વંદુ જિનશાસન તને.

## જિનશાસન સિરિઝ

સ્વપ્ન જિનશાસન - સ્વર્ણિમ સ્વપ્નોની દુનિયા

**Dream** જિનશાસન - પાંચ સ્વપ્નો

**Steam** જિનશાસન - હૈયાવરાળ

**For** જિનશાસન - You can do

**My** જિનશાસન - આત્મીયતાનો અંતઃસ્પર્શ

**Vision** જિનશાસન - સ્વપ્નિલ દૃષ્ટિ

**Mission** જિનશાસન - સંપૂર્ણ સાધર્મિક ભક્તિ

**Heart** જિનશાસન - સંઘ નહીં તો કશું નહીં

**Enlight** જિનશાસન - અનુકંપા ગાઈડ

**Enlight** જિનશાસન - Shorter Edition

✳

દિલ દિયા હૈ જાન ભી દેંગે
જિનશાસન તેરે લિયે

## BOOKS FOR THE GENERAL PUBLIC

| | | |
|---|---|---|
| ૧. | **શિક્ષાસમીક્ષા (હિં)** | - પાઠ્યપુસ્તક વિમર્શ |
| ૨. | **શ્લોક સૌંદર્ય (ગુ.હિં.)** | - વીણેલા મોતી |
| ૩. | **એફ - 2** | - Faith Festival |
| ૪. | **વિઝન** | - દૃષ્ટિ, જે તમારી સૃષ્ટિને બદલી દેશે |
| ૫. | **લેટર્સ** | - રાજકીય પત્રપ્રેરણા |
| ૬. | **કોરોના-સ્કેન્ડલ** | - પર્દાફાશ |

## BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **Heart જિનશાસન** | - સંઘ નહીં તો કશું નહીં |
| ૨. | **Mission જિનશાસન** | - સંપૂર્ણ સાધર્મિકભક્તિ |
| ૩. | **Plan પર્યુષણ** | - લોકડાઉન માર્ગદર્શન |
| ૪. | **પ્રયાગ** (હિં.) | - સદ્ગુણોનો ત્રિવેણી સંગમ |
| ૫. | **મિશન શેત્રુંજી** | - રક્ષા-અભિયાન |
| ૬. | **સંઘ** | - સફળ સંચાલન |
| ૭. | **ગાઈડન્સ** | - વિવિધ માર્ગદર્શન |
| ૮. | **માણિભદ્ર સંવેદના** | - આસો સુદ ૫ - સંવાદ |
| ૯. | દિવાળી | - ગુરુ ગૌતમની અનુભૂતિ |
| ૧૦. | **ગેરન્ટી** | - ડેફિનેટલી મોક્ષ |
| ૧૧. | **Vision જિનશાસન** | - સ્વપ્નિલ દૃષ્ટિ |
| ૧૨. | **એકચ્યુઅલ એજ્યુકેશન** | - જો તમે દીકરાના દુશ્મન હો તો નહીં વાંચતા |
| ૧૩. | **સિદ્ધાચલ-આધ્યાત્મિકયાત્રા** | - સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ - સ્તવનધારા |
| ૧૪. | **જિનપૂજા** | - પ્રેરણા-સંગ્રહ |
| ૧૫. | **પરિણતિ-પાવનયાત્રા** | - Heart જિનશાસન પ્રવચનધારા |
| ૧૬. | **બધું જ ખલાસ થઈ જાય તે પહેલા** | - જો તમે દુઃખી થવાનું નક્કી જ કરી લીધું હોય તો ન વાંચતા |

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

| | | |
|---|---|---|
| ૧. | **સત્ સંવાદ** | - સંતત્વ માટે સંતોની સાથે |
| ૨. | **સંવર સંવાદ** | - સર્વકર્મના પ્રવેશ-નિષેધ માટેની વાત |
| ૩. | **સમુદાય** | - સર્વ સમુદાય ઉત્કર્ષ વિચાર |

## અહો શ્રુતમ્ – E _ Publication

- ❊ પ્રિયમ્ – ના પુસ્તકોનું E-Publication કરવામાં આવે છે. મોટા ભાગના પુસ્તકોનું Off-set printing દ્વારા Publication થયું નથી.
- ❊ નિઃસ્વાર્થભાવે પુસ્તકો soft-copy રૂપે નિઃશુલ્ક આપવામાં આવે છે. જેના દ્વારા જિજ્ઞાસુઓ પોતાની જરૂર અનુસાર પ્રિન્ટ કાઢીને હાર્ડ-કોપી મેળવી લે છે.
- ❊ જો આપશ્રીને આમાંથી કોઈ પણ પુસ્તકની જરૂર હોય તો આપશ્રી soft-copy – ની માંગણી કરી શકશો. આપશ્રીને નિઃશુલ્ક soft-copy આપવામાં આવશે.
- ❊ **અહો શ્રુતમ્** પૂજ્ય સંયમી ભગવંતોને જે પુસ્તકની જરૂર હોય તેની પ્રિન્ટ કાઢીને ભક્તિભાવે પહોંચાડે છે. પુસ્તકો હાજર હોતા નથી. જરૂર અનુસાર પ્રિન્ટ કાઢવાની હોય છે. ઘણી વાર દૂરના ક્ષેત્રોમાં પુસ્તકો પહોંચાડવાની સમસ્યાઓ સર્જાતી હોય છે. જે પ્રિન્ટ અહીં કાઢીએ છીએ, તે પ્રિન્ટ દૂરના ક્ષેત્રોમાં પણ નીકળી શકે છે અને પૂજ્ય સંયમી ભગવંતોને આ રીતે તાત્કાલિક પુસ્તક મળી શકે છે. સ્થાનિક સંઘને અમે વિનંતી કરીએ છીએ કે 'શ્રીસંઘના જ્ઞાનખાતા દ્વારા ઝેરોક્ષ મશીનમાં બુકલેટનો વિકલ્પ આપીને આપ પૂજ્ય સંયમી ભગવંતોને જરૂરી પુસ્તક પૂરા પાડશો.' છતાં જો એ શક્ય ન બને તો અમે ગમે તેટલા દૂરના ક્ષેત્રમાં પણ પ્રિન્ટ્સ પાઠવવા પ્રયત્નશીલ બનશું. ફક્ત મોકલવાની પ્રક્રિયાની કેટલીક મર્યાદાઓને કારણે વિલંબ થાય, તે ક્ષન્તવ્ય ગણવા વિનંતી.
- ❊ અનેક શાસનપ્રેમીઓ પ્રભાવના આદિ માટે પુસ્તકોનું પ્રિન્ટીંગ કરાવવા માંગણી કરતા હોય છે. તેઓ અમારા દ્વારા પ્રસારિત થયેલ soft copy દ્વારા જરૂર અનુસાર પ્રિન્ટીંગ કરાવી શકે છે. જો તેમને જાતે કરાવવું અનુકૂળ ન હોય તો અમે તેમની જરૂર અનુસાર પ્રિન્ટીંગ કરાવી આપશું.
- ❊ પ્રિયમ્ – ના પુસ્તકો પર કોપીરાઈટ નથી. જિનશાસનનું આ જ્ઞાન છે, મેટર-પદાર્થમાં પરિવર્તન કર્યા વિના જેમને પણ પ્રિન્ટીંગ કરાવવું હોય, તેમણે અમને મૌખિક કે લેખિત – એકે ય રીતે પૂછવાની જરૂર નથી. જિનશાસનના પ્રસારની તેમની ભાવનાની અમે અનુમોદના કરીએ છીએ.
- ❊ સમગ્ર ચતુર્વિધ શ્રીસંઘે આ પુસ્તકોને ઉમળકાથી વધાવીને માંગણીઓ અને અનુમોદનાઓનો વરસાદ કરીને અમારો જે ઉલ્લાસ વધાર્યો છે તે બદલ અમે ખૂબ ખૂબ કૃતજ્ઞતા અનુભવીએ છીએ. આપ સૌનો ખૂબ ખૂબ ઉપકાર.

**લિ. શા બાબુલાલ સરેમલજી બેડાવાળા**

સિદ્ધાચલ, એન્સ સ્કૂલ સામે, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

Email : ahoshrut.bs@gmail.com
Whatsapp : +91 9426585904